

# વલોણું

'વલોણું' હવે તેના વાચકોને ઇ-મેલ પર પણ મળી શકશે ઇચ્છા ધરાવતા વાચકોએ 'વલોણું'ના સરનામે પત્ર લખીને અથવા valonu.gujarat@gmail.com પર ઇમેલ કરીને જાણ કરવી.

**માર્ચ - એપ્રિલ, ૨૦૦૮** શૈક્ષણિક હેતુ અને ખાનગી વિતરણ માટે વર્ષ - ૨ સળંગ અંક - ૧૬

## 'તેમ છતાં.... જે શ્રેષ્ઠ છે તે આપી છૂટો'

- બધા માણસો વિચારપૂર્વક જ વર્તે છે એવું નથી. તેઓ જે કંઈ કરે છે તે યોગ્ય જ હોય છે એવું પણ નથી. મોટા ભાગના માણસો માત્ર પોતાનો જ વિચાર કરીને ચાલતા ને વર્તતા હોય છે. **તેમ છતાં** તેમની તરફ સદ્‌ભાવ રાખો, તેમની સાથે પ્રેમથી વ્યવહાર કરો.
- તમે કંઈ સારું કરશો તો લોકો કહેશે કે આમ કરવા પાછળ અંદરખાનેથી તમારો હેતુ સ્વાર્થી છે. **તેમ છતાં** સારું કરવાનું, ભલાઈને માર્ગે ચાલવાનું, ચાલુ રાખો.
- જો તમે તમારા કાર્યમાં સફળ થશો તો તમને નકામા મિત્રો આવી મળશે. **તેમ છતાં** તેમની અસરમાં ન આવતાં સફળતા માટે કામ કરતા રહો.
- તમે આજે જે કંઈ સારું કરશો, ભલાઈનું કામ કરશો તે કાલે ભુલાઈ જશે. **તેમ છતાં** સારું કરતા રહેવાનું, ભલાઈ કરતા રહેવાનું ચાલુ રાખો.
- તમે પ્રામાણિકપણે વર્તશો, નિખાલસતાથી વાત કરશો તો તમે વિવાદમાં સપડાવાના અને તમારી ટીકાઓ પણ થવાની. **તેમ છતાં** પ્રામાણિક્તા છોડશો નહીં. નિખાલસ રહેજો.
- ઉચ્ચ વિચારો ધરાવનાર મોટામાં મોટા મણસને પણ એક સંકુચિત વિચાર ધરાવનાર તોડી પાડે એવું બની શકે. **તેમ છતાં** ઉચ્ચ વિચારોને વળગી રહેજો, દૃષ્ટિ વિશાળ રાખજો.
- ગરીબ અને કમનસીબ તરફ બધા દયાભાવ બતાવે છે એ ખરું, પરંતુ આવા માણસોય તવંગર અને નસીબદારને જ અનુસરે છે. **તેમ છતાં** ગરીબ અને કમનસીબ માટે લડવાનું ચાલુ રાખો.
- જે ઇમારત ઊભી કરતા તમને વરસો ગયાં હોય તે રાતોરાત ધરાશાયી થઈ જાય એવું બને. **તેમ છતાં** ઇમારત ખડી કરવાનું ચાલુ રાખશો.
- લોકોને ખરેખર મદદ જોઈતી હોય છે. તમે તેમને મદદ કરો ને તેઓ તમારો પાડ માનવાને બદલે તમારી પર હુમલો કરે એવું પણ બને. **તેમ છતાં** લોકોને મદદ કરવામાં પાછા પડશો નહીં.
- તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપો. બદલામાં તમને કદાચ લાતો મળશે. **તેમ છતાં** દુનિયાને તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે આપી છૂટો.

(હાર્વર્ડ યુનિવર્સિટીનાં 'Give the World the best any way' શીર્ષક તળેનાં દસ આચરણ સૂત્રો)

# અનુક્રમ


૧. સંકર ગાયોનું વધતું પ્રમાણ : વિશેષ કાળજી તો વિશેષ ફાયદો
- રતિભાઈ પંડ્યા ............................. ૩

૨. સ્થળાંતરિતોને વાડા અને ઝોકના અધિકાર...
- હાજાભાઈ કાલોતરા ..........................૫

૩. વિચરતી અને વિમુક્ત જાતિના અધ્યક્ષને આવેદનપત્ર...
- 'મારગ' ટીમ .................................. ૭

૪. શાસન, શિક્ષણ અને સંવેદના
- વાસુદેવ વોરા ..................................૯

૫. બાયો ડાયવર્સિટી એક્ટ - ૨૦૦૨માં સુધારા માટે સંમેલન...
- ગીતા દેસાઈ ................................. ૧૦

૬. કદમ સમુદાય : ગુજરાતભરમાં જનહક-યાત્રા યોજાઈ
- 'બાગ' ટીમ ...................................૧૧

૭. પાટણ ઘટના - શાસકીય અંધેર પણ સ્ત્રી અડીખમ
- 'મારગ' ટીમ-પાટણ ........................૧૩

૮. કુરિવાજો અટકાવવા પડશે
- નંરણભંઈ તેદંઈ ........................૧૪

૯. સમજદારી ભર્યો સંકલ્પ
- રમેશ ર. દવે ................................ ૧૫

૧૦. બાળમજૂરી કે બાળમજબૂરી?
- અશ્વિન ચૌહાણ .............................૧૬


**(પ્રકાશિત લેખોમાં રજૂ થયેલા વિચારો લેખકના પોતાના છે)**

**'વલોણું'નું પ્રકાશન દર મહિને થાય છે.**
**લેખ અને સમાચાર આવકાર્ય છે.**
**અંક વિશે પ્રતિભાવો જણાવશો.**
**'વલોણું'નું વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા છે.**
**લવાજમ માટે 'મારગ'ના સંકલન-કાર્યાલયનો સંપર્ક કરવો.**
**લવાજમ મનીઑર્ડરથી પણ સ્વીકારાશે.**

"સન ૧૯૦૭ના આરંભમાં નડિયાદી જીવનને તિલાંજલિ આપીને હું અમદાવાદ જેવા મોટા શહેરની કૉલેજમાં ભણવા ગયો ત્યારે મારો આઝાદ જીવન નવી વિશાળ સૃષ્ટિમાં ઓર આઝાદીથી વિહરવા લાગ્યો. તે વખતે એલિસબ્રિજ સ્ટેશનની પાર નાના માદલપુરના ગામડા સિવાય નજીવી જ વસ્તી હતી. કૉલેજની ચારે પાસ નજર પહોંચે ત્યાં સુધી વિસ્તરતાં લીલાં ખેતરોને વૃક્ષોની હારમાળા, છાત્રાલયની પાછળના ધૂળીયા રસ્તા પર ગામડાના ખેડૂતોનાં ગાડાંના દેકારા, મિલમજૂરોની, રબારીઓની અને તેમનાં ગાય, ભેંસ, ઊંટ, ને ઘેટાં-બકરાંની વણઝારો, અમારા ચોગાનમાં આવેલું ક્રિકેટનું વિશાળ મેદાન, આ બધું કુંભનાથ મહાદેવના રસિયાને જોતાવેંત જ ગમી ગયું. ચોગાનની વચ્ચે ગગનચૂંબી શિખરવાળા કૉલેજના અવનવી ઢબના મકાન આગળ અમારી નડિયાની હાઈસ્કૂલ તો ગામઠી શાળા જેવી લાગી. છાત્રાલયના એક માળના પાઘડી પનાના લાંબા મકાનમાં અમારા ઓરડાને સાદો સરસામાન સંગીન અભ્યાસ માટે અનુકૂળ લાગ્યાં. અહીંયાં દિવેલના કોડિયાને રુખસદ આપીને મીણબત્તીની રોશનીથી વાંચતાં મેં નવો ઉત્સાહ અનુભવ્યો."

પ્રકરણ ૮ : અમદાવાદનું કૉલેજ જીવન - **ઇન્દુલાલ યાજ્ઞિક**
('આત્મકથા' (જીવનવિકાસ : ભાગ પહેલો), પૃષ્ઠ ૧૧૮. રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ- ૧, પ્રથમ આવૃત્તિ : ૧૯૫૫)

## પત્રવ્યવહારનું સરનામું


બી-૨, મિલિન્દ પાર્ક,
સેંટ ઝેવિયર્સ સ્કૂલ, લોયલા હૉલ સામે,
મેમનગર રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**રજિસ્ટર્ડ એડ્રેસ :**
બી-૧૦, સિદ્ધિદર્શન એપાર્ટમેન્ટ,
૧૦૦ ફુટ રોડ, આનંદનગર રોડ, સેટેલાઈટ,
અમદાવાદ.

**પરામર્શક** : નીતા પંડ્યા, લાલજી દેસાઇ
**તંત્રી** : સોનલ પંડ્યા, અશ્વિન ચૌહાણ
**સંપાદક** : કેતન રુપેરા

# સંકર ગાયોનું વધતું પ્રમાણ : વિશેષ કાળજી તો વિશેષ ફાયદો

રતિભાઈ પંડ્યા

ગુજરાતમાં છેલ્લા ત્રીસેક વર્ષથી સંકર ગાયોનું પ્રમાણ ધીરે ધીરે વધતું જાય છે. મહેસાણા અને ખેડા જિલ્લાની આસપાસના પશુપાલકોથી તેની શરૂઆત થઈ, પરંતુ દેશી ગાયો કરતાં સંકર ગાયો વધુ દૂધ આપે છે અને આર્થિક રીતે વધુ નફાકારક છે, તેમ જોવા અનુભવવાથીને છેલ્લાં ૫-૭માં બાકીના વિસ્તારોમાં અને શહેરોમાં પણ સંકર ગાયો જોવા મળે છે. તેનું કારણ એ છે કે મોટા ભાગની દેશી ગાયો કે ભેંસો એક દિવસમાં સરેરાશ ૪ થી ૬ લિટર દૂધ આપે જ્યારે સંકર ગાયો ૮થી ૧૨ લિટર આપતી જોવા મળે છે. એટલે કે લગભગ બમણું દૂધ સંકર ગાયો આપે છે. અલબત્ત કેટલાક દેશી કે સંકર જાનવરોમાં અપવાદરૂપે આથી પણ વધુ દૂધ જોવા મળે છે.

સંકર જાનવરોમાં વધુ દૂધ ઉત્પાદન જોઈને પશુપાલકો તેના તરફ વળે તે સ્વાભાવિક છે, પરંતુ સંકર જાનવરોને સામાન્ય દેશી જાનવરો કરતાં થોડીક વધારે કાળજી રાખવાની જરૂર છે.

ખેતીમાં જેમ માત્ર સુધારેલું બિયારણ વાપરવાથી પૂરતો ફાયદો નથી મળતો, ખાતર-પાણી-નિંદામણ અને પાક સંરક્ષણની પણ જરૂર પડે છે, તેવી જ રીતે સંકર જાનવરો માત્ર અપનાવવાથી પૂરતો ફાયદો મળતો નથી. આ પશુઓની વિશેષ કાળજી લેવી પડે છે. તો જ આ પશુઓની વધુ ઉત્પાદન આપવાની જે અનુવાંશિક શક્તિઓ છે, તેનો લાભ મળે છે. વારસો (હેરીડિટી)એ ક્ષમતા-શક્તિ આપે છે, જ્યારે વાતાવરણ - સામવણ એ તક (ઓપર્ચ્યુનિટી) આપે છે. સંકર ગાયોની શક્તિનો પૂરેપૂરો લાભ મેળવવો હોય તો આ પ્રમાણેની બાબતો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

(૧) ખોરાક, (૨) પાણી, (૩) રહેઠાણ, (૪) સ્વચ્છતા, (૫) આઉ-આંચળની સંભાળ, (૬) રસીકરણ (વેક્સિનેશન), (૭) રોગ અને તેની સારવાર, (૮) ગર્ભધાન - તપાસ (૯) વિયાણ પછીની કાળજી અને (૧૦) દૂધ-દોહન.

**(૧) ખોરાક :** સંકર ગાયો વધુ દૂધ આપે છે તેથી તેને ખોરાક પણ વધુ પ્રમાણમાં જોઈએ, તે સ્વાભાવિક છે. ખોરાકની જરૂરિયાત તેના શરીરનાં કદ ને વજન પર આધાર રાખે છે. સંકર ગાયના શરીરનું વજન જો ૫૦૦ કિલો હોય તો ૩ ટકા લેખે તેને એક દિવસમાં ૧૫ કિલો સૂકો પદાર્થ ખાવા માટે જોઈએ. તેમાં ખાણ-દાણ, લીલો-સૂકો ઘાસચારો અને ખાસ કરીને ખનીજ મિસણ (મિનરલ્સ) વગેરે નિયમિત અને પૂરતા જથ્થામાં આપવું જોઈએ. ખાણદાણ દૂધઉત્પાદનના પ્રમાણમાં અડધું ઉપરાંત એક કિલો શરીરના નિભાવવા માટે વધારાનું આપવું. તેમાં ૫૦ ગ્રામ મિનરલ મિક્ચર ભેળવીને ખાસ આપવું.

સંકર ગાયો સામાન્ય રીતે એક દિવસમાં ૧૨થી ૧૬ લિટર દૂધ લાંબો સમય આપતી હોય છે. અપવાદરૂપ ગાયો દિવસનું ૨૦થી ૨૨ લિટર દૂધ પણ આપે છે. જો ગાય દિવસનું ૧૬ લિટર દૂધ આપતી હોય તો ખાણ તેનાથી અડધું એટલે કે ૮ કિલો દૂધ ઉત્પાદન માટે અને ૧ કિલો શરીર નિભાવવા માટેનું કુલ ૯ કિલો ખાણ આપવું જોઈએ. લીલોચારો એક દિવસમાં ૧૫-૨૦ કિલો અને સૂકો ચારો ૫-૬ કિલો આપવો જોઈએ. દેશી ગાયોની સરખામણીમાં સંકર ગાયો ૨૫થી ૩૦ ટકા વધારે ખોરાક ખાય છે, પરંતુ ઉત્પાદન ૫૦થી ૧૦૦ ટકા વધુ આપે છે. નબળો કે સહેજ હલકા પ્રકારનો ખોરાક પણ સંકર ગાયો સારી રીતે ખાય છે.

**(૨) પાણી :** સંકર ગાયોની પાણીની જરૂરિયાત પણ વધારે હોય છે. એક પુખ્ત દુઝણી ગાયને એક દિવસમાં ૪૦થી ૫૦ લિટર પાણી આપવું જોઈએ. ગમાણની બાજુમાં અથવા ખુલ્લા વાડામાં ચોખ્ખા પાણીના અવેડા દ્વારા ૨૪ કલાકમાં જ્યારે ઇચ્છા થાય ત્યારે પાણી લઈ શકે તેવી અનુકુળતા આદર્શ છે. ગાયોને જો છાપરામાં કે ખીલે બાંધી રાખવામાં આવતી હોય તો પણ દિવસમાં ઓછામાં ઓછા ૩-૪ વખત પાણી પાવાની વ્યવસ્થા કરવી જોઈએ. ઉનાળામાં તેમજ સુકી ચાર વધુ આપતા હોઈએ તે વખતે વધુ પાણીની જરૂર પડે છે.

**ખેતીમાં જેમ માત્ર સુધારેલાં બિયારણથી પૂરતો ફાયદો નથી મળતો, ખાતર-પાણી-નિંદામણ અને પાક સંરક્ષણની પણ જરૂર પડે છે, તેમજ સંકર જાનવરો અપનાવવા માત્રથી પૂરતો ફાયદો મળતો નથી. વિશેષ કાળજી પણ લેવી પડે છે.**

**(૩) રહેઠાણ :** પૂરતા હવા-પ્રકાશ મળતા રહે અને વાતાવરણમાં ઠંડક રહે તે માટે ઝાડની નજીકમાં કે ઝાડના છાંયે રાખવા. વધારે પડતી ઠંડી-ગરમી કે વરસાદથી પૂરતું રક્ષણ મળે તેવી જગ્યાએ પશુને રાખવા જોઈએ.

**(૪) સ્વચ્છતા :** પોદળા-પેશાબવાળી જગ્યામાં ઢોરને બેસવાનું ન બને તેની ખાસ કાળજી રાખવી. પાકા તળિયામાં સહેજ ઢાળ રાખવો અને પોદળો પડે કે તુરત જ પાવડા વડે દૂર ખસેડી લેવો. હલકા ઘાસ કે કચરાની પથારીમાં અથવા તો ખૂલ્લા વાડામાં પોચી જગ્યામાં ઢોર

બેસી શકે તેવી વ્યવસ્થા કરવી.

**(૫) આઉ-આંચળની સંભાળ :** દોહન પહેલાં પોટેશિયમ પરમેન્ગેનેટના પાણીથી આઉ-આંચળ ધોઈને તેને સ્વચ્છ કપડાંથી લૂછી નાંખવા. આઉ-આંચળ પોદળામાં કે ગંદી જગ્યામાં ખરડાયેલા ન રહે તેની ખાસ કાળજી રાખવી. સરાળવું કે ખાપરી ન થઈ જાય તેની કાળજી રાખવી. તેમ છતાં આંચળમાંથી ગળફા કે લોહી જેવું સહેજ નીકળતું જોવા મળે કે તુરત જ એન્ટીબાયોટીક દવાની ટ્યૂબ આંચળમાં ચડાવી દેવી. આંચળની તકલીફવાળા પશુને હંમેશા છેલ્લે દોહવા, જેથી ચેપ ફેલાય નહીં. દોહન કરનારના નખ વધેલા ન હોવા જોઈએ અને ચોખ્ખા હાથે જ, બને તો ઉભી મૂઠ્ઠીએ અંગુઠો બહાર રાખી દોહવું. ગાય વસુકી જાય અને દોહવાનું બંધ થાય ત્યારે છેલ્લે ચારેય આંચળમાં પેન્ડિસ્ટ્ર જેવી દવાની ટ્યૂબ ચઢાવી દેવી, જેથી પછીના વિયાણ બાદ આઉ-આંચળમાં રોગ ન થાય.

> **"રોજગારીના સાધન તરીકે સંકર ગાય એ અંબર રેંટીયાની સુધારેલી આવૃત્તિ છે."**
>
> **- સ્વ. મણીભાઈ દેસાઈ**
> **બાયફના સ્થાપક**

**(૬) રસીકરણ :** પશુ-ડૉક્ટરની સલાહ લઈ જુદા જુદા રોગોની સામે પ્રતિકારશક્તિ મળી રહે તે માટે અટકાયતી પગલાં તરીકે રસીકરણ (વેક્સિનેશન) કરાવતા રહેવું. ખરવા-મોંવા રોગ સામેની રસી દર વર્ષે નિયમિત મુકાવવી.

**(૭) રોગ અને તેની સારવાર :** સંકર ગાયો દૂધ વધારે આપતી હોવાથી તેના શરીરમાં પ્રતિકારક શક્તિ ઓછી હોય છે. આ માટે તેને સમતોલ ખોરાક પૂરતા જથ્થામાં આપી તેની તંદુરસ્તી જાળવી રાખવી, જેથી રોગો નિવારી શકાય. તેમ છતાં કોઈ પણ પ્રકારનો રોગ થાય તો તેના ચિન્હોનો અભ્યાસ કરી કેટલીક પ્રાથમિક સારવાર જાતે કરી લેવી અને જરૂર પડ્યે વેટરનરી ડૉક્ટરની પણ મદદ લેવી.

**(૮) ગર્ભધાન - તપાસ :** ગાય ફળ્યાના ત્રણ માસ પછી અવશ્ય નિષ્ણાત ડૉક્ટર પાસે તપાસ કરાવી લેવી. જો ગર્ભ રહ્યો ન હોય તો તે ગરમીની ઋતુમાં આવે તેની કાળજી રાખવી જોઈએ. જે પશુ ગાંભણું ન હોય તે દર ૧૮ થી ૨૦ દિવસે ફરી ગરમીમાં આવતું જ હોય છે. માટે ફળેલી કે ગરમીમાં આવેલી ગાયને ૧૮-૨૦ દિવસ પછી ખાસ જોતું રહેવું. જો વારંવાર ઉથલા કરતું હોય તેની વિશેષ તપાસ અનુભવી ડૉક્ટર મારફત કરવીને તેને ગર્ભ રહે તેવા પ્રયાસો કરવા જોઈએ. જો ગાય દુઝણી પણ ન હોય અને ગાભણી પણ ન હોય તો તે નુકશાનકારક સાબિત થાય છે.

**(૯) વિયાણ પછીની કાળજી :** કોઈ ગાય વિયાવાને બે મહિનાની વાર હોય તે પહેલા તેને વસુકાવી દેવી સલાહભર્યું છે. એક માસનો આરામ ફરજિયાત આપવો, જેથી પછીના વેતરમાં બરાબર દૂધ આપે. વિયાણ પછી પહેલી વખત દોહતી વખતે બધું દૂધ એક સાથે ન કાઢી લેવું. ખાસ કરીને વધુ દૂધ આપતા જાનવરોનું બધું દૂધ એક સાથે દોહી લેવાથી 'મિલ્ક ફીવર' નામનો રોગ થઈ શકે છે. જેમાં શરીરમાં કેલ્શિયમ તત્ત્વની એકાએક ખામી ઊભી થાય છે. શરીર ઠંડુ પડી જાય છે અને જાનવર ચકરી ખાઈને પડી જાય છે તેમ જ બેચેન થઈ પડ્યું રહે છે. તાજા જન્મેલા બચ્ચાંને ૧-૨ કલાકમાં જ માતાનું ખીરૂ(દૂધ) ધવડાવવું.

**(૧૦) દૂધ-દોહન :** દૂધ દોહન એક કળા છે અને વિજ્ઞાન પણ છે. દોહતી વખતે બને તેટલું ઝડપથી દોહી લેવું જોઈએ. શક્ય હોય તો વધુ દૂધ આપતી ગાયને બે વ્યક્તિએ એક સાથે દોહવું. દોહતી વખતે જાનવર જે પ્રાસવો મુકે છે, તેમાં તેના મગજની પિચ્યુટરી ગ્રંથિમાંથી એક્સિટોસિન નામનો અંતસ્ત્રાવ (હોર્મોન્સ) છૂટો પડે છે. આ સ્ત્રાવની અસર ૫-૭ મિનિટ પૂરતી રહે છે, તે દરમ્યાન જ બધું દૂધ દોહી લેવું જોઈએ. જો દોહવામાં વધુ સમય લાગે તો કુલ દૂધનો જથ્થો થોડો ઘટે છે.

દૂધ-દોહન વખતે અવાજ કે ઘોંઘાટ ન થાય તેની કાળજી રાખવી. અન્ય પશુ-પક્ષીઓ દ્વારા પણ વિક્ષેપ ન થાય તેની કાળજી રાખવી.

એક ટંકે ૬-૭ લિટરથી વધારે દૂધ આપતી સંકર ગાયને દિવસમાં બે ને બદલે ત્રણ વખત દોહન કરવાથી કુલ ઉત્પાદન ૧૦થી ૧૫ ટકા વધુ આવે છે.

### પશુપાલન ને પશુપાલકોને ભોગે થતાં ઔદ્યોગિકરણથી ભાંગતું ગામડાંનું અર્થતંત્ર : ૧.૨૫ કરોડ ચો.મી જમીન ફાળવી દીધી

ગુજરાત સરકારને માથે ઔદ્યોગિકરણનું ભૂત એવું સવાર થઈ ગયું છે કે ગામડાંના અર્થતંત્રના કેન્દ્રરૂપ પશુધન અને પશુપાલકોને ટકાવી રાખવામાં મોટું યોગદાન આપતા ગૌચરની જમીનો પાણીના મોલે ઉદ્યોગોને અને તેમાંય ખાસ કરીને પ્રીતિપાત્ર ઉદ્યોગોને ફાળવી આડેધડ ફાળવી રહ્યા છે. ગૌચરની જમીન ઉદ્યોગોને ફાળવ્યા પછી મળેલી રકમનો ઉપયોગ ગૌચરના વિકાસ માટે ન કરીને પશુધન અને પશુપાલન પર નભનારાઓને ખતમ કરવાના ગુજરાત સરકારના વલણના વિરોધમાં કચ્છ જિલ્લા મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામના સેંકડો લોકોએ મામલદાર કચેરીએ દેખાયો યોજ્યા હતાં.

(ગુજરાત સમાચાર, ૧૩ એપ્રિલ ૨૦૦૮)

# સ્થળાંતરિતોને વાડા અને ઝોકના અધિકાર મળવા જોઈએ : બાલકૃષ્ણ રેનકે

હાજાભાઈ કાલોતરા

એક સમયે પશુપાલનનો વ્યવસાય ગૌરવશાળી ગણાતો હતો, પણ આ વ્યવસાય સાથે જોડાયેલો 'તેર તાંસળિયા'ઓનો સમુદાય આજે ચાર-પાંચનો રહ્યો છે અને તે પણ છૂટો-છવાયો છે! જેમાં રબારી, ભરવાડ, ચારણ, આહીર, જતનો સમાવેશ થાય. મૂળ તો પશુપાલનનાં વ્યવસાય સાથે પરંપરાગત રીતે સંકળાયેલા લોકો ઉત્તમ પ્રકારનું પશુ-સંવર્ધન કરવા માટે જાણીતા, પણ સામૂહિક સંપત્તિ પર નભતા અને સ્થળાંતરિત જીવન જીવતા આપણા આ માલધારી સમૂદાયનું તેમજ તેમનાં માલનું અસ્તિત્વ જોખમમાં છે. આજે આપણી આ ઓળખ અને અસ્તિત્ત્વને ટકાવવા માટે મથવું પડે તેમ છે. આ માટે 'મારગ' ઉત્તમ સંગઠન છે, તેમ મને લાગ્યું છે.

સામાજિક રીતે સંગઠીત ગણાતા આપણાં આ માલધારી સમાજમાં વિકાસાત્મક પ્રવૃત્તિ માટે સંગઠનશક્તિનો અભાવ જોવા મળે છે. પોતાની આગવી કોઠાસૂઝ દ્વારા ન્યાયી અને સામાજિક નિર્ણય કરતું પરંપરાગત (મૂલ્યવાન) નેતૃત્વ ઘટતું જાય છે. આ ઉપરાંત આપણા પરંપરાગત પશુપાલનના ધંધાને ટકાવવા ગૌચરો અને ચરિયાણો ઓછાં થતાં જાય છે. શિક્ષણ અને સામાજિક - કુદરતી સંઘર્ષ વચ્ચે જીવતા આ સમૂદાયનાં મુદ્દાઓને ધ્યાનમાં રાખી 'માલધારી જન-આંદોલન' આપણને સહુને એક કરવા માટે આવશ્યક છે.

'માલધારી જન-આંદોલન' સામુદાયિક સંપત્તિ પર સ્વમાનભેર જીવન જીવતા કોઈપણ માલધારી સમાજ માટે ગામડેથી લઈ રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જોડાણ દ્વારા પોતાનાં અધિકારો માટે અવાજ ઉઠાવે છે.

આ સંગઠન દ્વારા ગુજરાતનાં સ્થળાંતરીત માલધારીઓનાં મુદ્દાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મુકવા માટે અત્યાર સુધી ઘણાં પ્રયત્નો થયેલાં છે. તે 'લાઇફ' નામનાં ગઠબંધનમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે માલધારીઓના દબાયેલા અવાજને વાચા આપવાનું કામ કરતા વૈશ્વિક સંગઠન ('WAMIP' અને 'WISP' નામના યુ.એન.)સાથે પણ જોડાયેલું છે. પશ્ચિમ આફ્રિકાનાં માલી નામનાં દેશમાં અને ત્યાર પછી 'સ્પેન' નામનાં યુરોપિયન દેશનાં સેગોવિયા નામનાં ટાઉનની બાજુમાં લાઘટન્ખા ગામમાં ૩૮ દેશોનાં ૧૦૦થી વધુ માલધારી કર્મશીલો મળ્યા હતા. તેઓ ત્યાં વિશ્વનાં માલધારીઓનાં જીવનસંઘર્ષની વ્યથા-ગાથા અને સપનાંઓને સમજવા તેમજ તેમનાં સપના સાકાર કરવાની વ્યૂહ-રચના ઘડવા માટે મળ્યા હતા. જેમાં લાલજીભાઈ દેસાઈની વિશ્વનાં માલધારીઓનાં સંગઠનના મંત્રી તરીકે નિમણુક થઈ હતી.

માલધારીઓનાં ચરિયાણ, ગૌચર જમીનનાં મુદ્દે આફ્રિકાનાં તાન્ઝાનિયા દેશમાં તેમજ સ્થળાંતરિત સમુદાયના પ્રશ્નો માટે અમેરિકામાં ન્યૂયોર્કમાં વિશ્વનાં માલધારીઓનું સંમેલન એપ્રિલ-મે'૦૮ માં મળવાનું છે. જેમાં દક્ષિણ એશિયાનાં ૧૦ દેશોમાંથી બે પ્રતિનિધિને આમંત્રણ મળ્યું છે. તેમાં લાલજીભાઈ દેસાઈ આપણા પ્રતિનિધિ તરીકે હાજર રહી માલધારીઓનાં મુદ્દાઓને રજૂ કરશે.

માલધારી સમુદાયનાં વિસ્તાર મુજબનાં પ્રશ્નોને સમજવા અને તેને ચિંતન તરફ લઈ જવા 'માલધારી જન-આંદોલન' અને 'મારગ' સંસ્થાનાં સંયુક્ત ઉપક્રમે એક બેઠક ૧-૨ માર્ચ ૨૦૦૮ના રોજ બેચરાજી (જી. મહેસાણા) મુકામે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં પાંચાળ, ઝાલાવાડ, ગોહિલવાડ, ઓખા મંડળ, કચ્છ, ઢેબર, વાગડ, ચુંવાળ, ખારાપાટ, ખાખરીયો ટપ્પો, પાટણવાડા, વઢીયાર, ડીસા વગેરે વિસ્તારમાંથી ૩૦૦ જેટલા પરંપરાગત પશુપાલનનાં વ્યવસાય સાથે સંકળાયેલા માલધારી બહેનો અને ભાઈઓએ હાજરી આપી હતી. વિચરતા અને વિમુક્ત જાતિનાં કમિશનનાં ચેરમેન શ્રી બાલકૃષ્ણ રેનકે અને સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટણી, 'ઘેટાં અને ઉન વિકાસ નિગમ - દિલ્હી'નાં ચેરમેન સાગરભાઈ રાયકા તેમજ મહારાષ્ટ્રમાંથી 'અંતરા' સંસ્થાનાં પ્રતિનિધિઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

માલધારીઓએ પોત-પોતાનાં વિસ્તાર મુજબ જૂથમાં બેસીને જૂથ ચર્ચા દ્વારા પોતાનાં વિસ્તારનાં પ્રશ્નોને તારવીને તેની રજૂઆત કરી હતી. જેમાં દરેક વિસ્તારમાંથી તારવવામાં આવેલા મુદ્દા આ પ્રમાણે છે.

- સરકારશ્રીનાં નિયમ મુજબ ૧૦૦ પશુઓએ ૪૦ એકર ગૌચર હોવું જઈએ, જે પશુઓનાં પ્રમાણમાં ઓછું છે અને જે છે તેની ઉપર પેશકદમી (દબાણ) થયેલી છે.
- પશુઓને રાખવા માટેનાં વાડાઓ નથી અને જે વાડાઓ છે, તે કાયમી થતાં નથી.
- માલધારીઓને ખેડૂત થવાનો હક નથી.
- ઘેટાં-બકરાં અને ઊંટને ઉપયોગી પશુમાં ગણવામાં આવતા નથી, જેથી કુદરતી આફતોમાં આ પશુઓ માટે સહાય મળતી નથી.
- પશુ-ચિકિત્સક બનવા માટે યુનિવર્સિટી દ્વારા પાંચ ટકાનો વધારો ખેડૂતનાં બાળકોને મળે છે, પણ વર્ષોથી પશુપાલન કરતા માલધારીનાં બાળકોને

પાંચ ટકાનો લાભ મળતો નથી.

- જંગલ વિસ્તાર વધતા માલધારીઓની હાડમારીમાં વધારો થયો છે.
- પરંપરાગત રખાળી અને વીડીઓમાં માલધારીઓને જગ્યા મળતી નથી.
- શહેરી માલધારીઓને પોતાનાં માટે અને પશુઓને રાખવાના માટેની જગ્યા તેમજ પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે.
- દૂધ, ઉન જેવી પશુપેદાશનાં માર્કેટીંગનો પણ અભાવ જોવાય છે.
- સ્થળાંતરીત સમુદાયનાં બાળકો માટે શિક્ષણની સુવિધાનો અભાવ છે અને તેનો કારણે નિરક્ષરતાનું પ્રમાણ યથાવત્ રહે છે.
- સ્થળાંતર દરમ્યાન વેઠવી પડતી હાડમારીઓ જેવી કે પશુઓ અને માનવોની સલામતી, આરોગ્યનાં પ્રશ્નો, રસ્તામાં પશુઓ માટે પાણી, ઘાસચારાનાં પ્રશ્નોનો સતત સામનો કરવો પડે છે.
- સરકાર દ્વારા ઘડવામાં આવતી નીતિઓમાં માલધારીઓને અન્યાય થાય છે.

જૂથ ચર્ચા દરમ્યાન બહાર આવેલા આ પ્રશ્નોનું આવેદનપત્ર તૈયાર કરીને વિચરતી અને વિમુક્ત જાતિનાં કમિશનનાં ચેરમેન શ્રી બાલકૃષ્ણ રેનકે અને 'ઘેટાં અને ઉન વિકાસ નિગમ - દિલ્હી'નાં ચેરમેન સાગરભાઈ રાયકાને વિસ્તારનાં પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવ્યું હતું.

શ્રી બાલકૃષ્ણ રેનકેએ  પ્રથમ દિવસે વાગડ (કચ્છ)માંથી સ્થળાંતર કરીને આવેલ કુટુંબોની વાંઢની મુલાકાત લીધી હતી અને તેમની જીવન પદ્ધતિ સમજવાનો પ્રયત્ન કર્યો, જેમાં સ્થળાંતર દરમ્યાન કુટુંબ-કબીલાને નડતા સામાજિક, આરોગ્ય, શૈક્ષણિક, સુરક્ષા તેમજ બાળકોનાં શિક્ષણમાં ઉભી થતી સમસ્યાઓની ચર્ચા કરી હતી.



## વિચરતી અને વિમુક્ત જાતિ

# આયોગની ઉપસ્થિતિમાં માલધારી સંમેલન યોજાયું

મહેસાણા,તા.૪

વિચરતી અને વિમુક્ત જનજાતિ કેન્દ્રીય આયોગ મહેસાણા જિલ્લાની બે દિવસની મુલાકાતે આવ્યું હતું. પ્રથમ ચરણમાં કડીની મુલાકાતમાં બજાણીયાવાસ અને દંતાણી દેવીપૂજક વાસનો સમાવેશ થયો હતો.

## વિચરતી અને વિમુક્ત જનજાતિ કેન્દ્રીય આયોગ કડીની બે દિવસની મુલાકાતે આવ્યું

દ્વિતીય ચરણમાં આયોગની ઉપસ્થિતિમાં સમગ્ર ગુજરાતના માલધારીઓનું દ્વિ દિવસીય સંમેલન બેચરાજી ખાતે યોજાઇ ગયું. ગુજરાતના સૌરાષ્ટ્ર, વાગડ, કચ્છ, પાંચાલ, ઝાલાવાડ અને પાટણ પંથકના માલધારી સમાજના પ્રતિનિધિઓ તથા આયોગે સાથે બેસી આ સંમેલનમાં સમાજના પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરી હતી. પશુપાલન માટે વિચરતી રહેતી આ પ્રજાની વસતિ ગણતરી, ગૌચરની વ્યવસ્થા મોબાઈલ કાર્ડ મળવા અંગે તથા વિચરતી અને વિમુક્ત જાતિઓમાં માલધારીઓનો સમાવેશ કરવાની ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

બેચરાજી ખાતે યોજાયેલા બે દિવસના સંમેલન બાદ આયોગના ચેરમેન શ્રી રેણકેએ એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે માલધારી સમાજની વસતિના પ્રમાણમાં ગૌચરની ઓછામાં ઓછી જમીન મળી રહે. સંવિધાન મુજબ અધિકાર મળી રહે અને જરુરી તમામ લાભ પ્રાપ્ત થાય તેવી રજૂઆત સરકારશ્રીમાં કરવામાં આવશે. એક મુલાકાતમાં આયોગના અધ્યક્ષ શ્રી રેણકે એકહ્યું હતું કે, માલધારી સમાજને તેના પારંપારિક હક્કો મળવા જરુરી છે. સ્વાવલંબન અને સન્માનથી જીવવાનો દરેક સમાજને અધિકાર છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ સંમેલનમાં આયોગના સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટણી તથા માલધારી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

બીજા દિવસે દસાડા તાલુકાનાં નાવિયાણી ગામની મુલાકાતમાં સ્થળાંતર થયેલ કુટુંબોનાં અવાવરું પડેલા ઘરોની મુલાકાત લીધી હતી. સ્થળાંતરિત સમુદાય ગ્રામસભાથી લઈને લોકસભા સુધી નિર્ણયની પ્રક્રિયામાં ન હોવાથી તેઓનાં પ્રશ્નો જેવા કે, ગામમાં પશુઓને રાખવાનાં વાડાઓમાં પંચાયત દ્વારા નિર્ણયથી લઈને ગામનાં પંચાયત કે શાળાનાં બિલ્ડિંગો તૈયાર થઈ જવા સુધીની ઘટનાઓમાં આ સમુદાયની ભાગીદારી હોતી જ નથી, તે અંગે રેનકેજીએ જણાવ્યું કે, સ્થળાંતરિત સમુદાય નિર્ણાયક ભૂમિકામાં ગ્રામસભાથી સંસદ સુધી ક્યાંય નથી, વાડા અને ઝોકનાં અધિકાર તેમને મળવા જોઈએ આ સમુદાયોને કુદરતી સંસાધનો પર અધિકાર હોવો જોઈએ. કમિશનના ધ્યાનમાં આ હકીકત આવી છે, પણ અધિકારો મેળવવા માટે આ સમુદાયે પોતાની લડત ચાલુ રાખવી પડશે.

સાગરભાઈ રાયકાએ પણ નાના-પશુઓ (ઘેટાં-બકરાં)વાળાને નિગમનાં લાભો મળે તે માટે માલધારીઓએ જાગૃત રહેવાની અધિકારો માટે સંગઠીત થવાની વાત કરી હતી.

**'વલોણું'ના વાચકોને**

'વલોણું'ના જાન્યુઆરી ૨૦૦૮ સુધી પ્રકાશિત થયેલા બધા અંકોમાંથી માલધારી વિષયક લેખો પસંદ કરીને ફેબ્રુઆરી ૨૦૦૮નો 'માલધારી વિશેષાંક' તૈયાર કરાયો છે. જે વાચકમિત્રોને આ અંક જોઈતો હોય તેઓ 'વલોણું'ના સરનામે પત્ર લખીને જાણ કરશો.

**- સંપાદક**

## માલ-માલધારી અને જમીન માલિકીના મુદ્દે રાષ્ટ્રીય અધિવેશન

# વિચરતી અને વિમુક્ત જાતિના અધ્યક્ષને આવેદનપત્ર અપાયું

'મારગ' ટીમ

માલધારી જન આંદોલન (ગુજરાત) દ્વારા મહેસાણા જિલ્લાના બેચરાજી મુકામે તારીખ ૧-૨ માર્ચ ૨૦૦૮ના રોજ વિચરતી અને વિમુક્ત જનજાતિ આયોગના ચેરમેનશ્રી બાલકૃષ્ણ રેનકે અને અન્ય સભ્યોની ઉપસ્થિતિમાં બે દિવસીય સંમેલન યોજાયું હતું. જેમાં, સમગ્ર ગુજરાતના માલધારીઓએ અને માલધારી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ દરમ્યાન માલ, માલધારી અને તેમની જમીન માલિકીના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા થઈ હતી. જેનું આવેદનપત્ર અધ્યક્ષશ્રીને આપવામાં આવ્યું હતું.

માલધારીઓનાં માલ, માલધારી અને જમીન માલિકીના મુદ્દે આ મુજબના પ્રશ્નો અને ઉપાયો છે.

**પ્રશ્નો :**

૧. સ્થળાંતર દરમ્યાન ઘાસચારો અને પાણીની વેઠવી પડતી હાડમારી
૨. પશુઓને નિભાવવા માટે ફરજિયાત કરવું પડતું સ્થળાંતર
૩. અપૂરતું અને દબાયેલું ગૌચર
૪. પશુઓને રાખવા માટે વાડા-હક્ક નથી
૫. સ્થળાંતરીત માલધારીઓનું કથળતું સ્વાસ્થ્ય
૬. સ્થળાંતર દરમિયાન અન્ન સુરક્ષાનો અભાવ
૭. સ્થળાંતર દરમિયાન બાળકોનાં શિક્ષણનાં પ્રશ્નો
૮. ગુજરાતમાં માલધારીઓની વસ્તી ગણતરી અને ઓળખનાં સવાલો
૯. જે-તે વિસ્તારમાં રાજકીય પ્રતિનિધિત્વનો અભાવ
૧૦. સહકારી માળખામાં અનામત નથી
૧૧. માલધારીઓને જમીન ધારણ કરવાનો હક્ક નથી
૧૨. ઘેટાં, બકરા, ઊંટને ગુજરાત સરકાર ઉપયોગી પશુની વ્યાખ્યામાં ગણતી નથી
૧૩. સરકારી નીતિઓમાં માલધારીઓ બાકાત
૧૪. ઊન, દૂધ જેવી પશુપેદાશોના માર્કેટનો અભાવ
૧૫. સ્થળાંતર દરમ્યાન સામાજિક સુરક્ષાનો અભાવ
૧૬. ફોરેસ્ટ વિસ્તાર વધતા માલધારીઓને વેઠવી પડતી હાડમારી
૧૭. અપૂરતા પશુ સારવાર કેન્દ્રો અને તેમાં ગુણવત્તાનો અભાવ
૧૮. સહકારી માળખામાં માલધારીઓ માટે અનામત નથી
૧૯. શહેરી માલધારીઓને રહેણાંક અને પાયાની સગવડનો અભાવ
૨૦. માલધારીઓને મળેલી જમીન ખાલસા થઈ જાય છે
૨૧. પરંપરાગત રખાલો અને વિડીઓનાં પ્રશ્નો
૨૨. સ્થળાંતર દરમિયાન અવર-જવરમાં વેઠવી પડતી હાડમારી
૨૩. પશુ સંવર્ધન અને સંરક્ષણનો અભાવ
૨૪. ઊન અને દૂધની પેદશાના અપૂરતા ભાવ
૨૫. ઊનનું ગ્રેડિંગ યોગ્ય રીતે થતું નથી
૨૬. ઊનમાં ગુણવત્તા સુધારણા કાર્યક્રમોના અભાવ
૨૭. માલધારીઓ નિર્ણાયક ભૂમિકામાં નથી

## પશુપાલનને ઉદ્યોગો જેવી સબસિડી આપવા માલધારી સમાજની માગ

**વિચરતી વિમુક્ત જાતિ આયોગની ટીમની ઉપસ્થિતિમાં બેચરાજીમાં માલધારીઓનું સંમેલન યોજાયું**

**ભાસ્કર ન્યૂઝ** । બેચરાજી

સુપ્રસિધ્ધ તીર્થધામ બેચરાજીમાં લેઉવા પાટીદાર વાડીમાં વિચરતી વિમુક્ત જાતિ આયોગના રાષ્ટ્રીય ચેરમેન બાલકૃષ્ણ રેણકે અને સદસ્ય લક્ષ્મણભાઇ પટણી સહીતની ટીમની ઉપસ્થિતિમાં રવિવારે યોજાયેલા માલધારી સંમેલનમાં પશુપાલનને ઉદ્યોગમાં ગણી સરકાર દ્વારા સબસીડી મળે તેવી માંગણી કરી હતી.

તીર્થધામ બેચરાજીમાં બે દિવસીય માલધારી સંમેલનનું આયોજન કરાયુ હતું. જેમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, વાગડ, દક્ષીણ ગુજરાત સહીત વિસ્તારોમાંથી માલધારીઓ આ સંમેલનમાં ઉમટ્યા હતા. આ બેદિવસીય સંમેલનના સમાપને વિચરતી વિમુક્ત જાતિ આયોગના ચેરમેન બાલકૃષ્ણ રેણકે અને સદસ્ય લક્ષ્મણભાઇ પટણી રવિવારે આવી પહોંચતા માલધારી સમાજના આગેવાનોએ પોતાની સમસ્યાઓ વર્ણવતા જણાવ્યું હતુ કે, રાજ્યમાં પશુદવાખાનાનો અભાવ છે અને જ્યાં આવા દવાખાનાઓ છે. ત્યાં ડોકટરોની કનડગત વધતી જાય છે. સાથોસાથ રાજ્યમાં સરકાર દ્વારા પશુપાલનને ઉદ્યોગ ગણાતી ન હોવાથી ઉદ્યોગોને મળતા સબસીડી સહિતના લાભો પશુપાલનક્ષેત્રમાં પણ મળે તેવી પણ બુલંદ માંગણી સાથે વિવિધ પ્રશ્નો રજુ થયા હતા. જોકે વિચરતી વિમુક્ત જાતિ આયોગના રાષ્ટ્રીય ચેરમેન બાલકૃષ્ણ રેણકેએ માલધારી સમાજની વસ્તીના પ્રમાણમાં ગૌચરની ઓછામાં ઓછી જમીન મળી રહે તેવી રજુઆત સરકારમાં કરાશે તેવી હૈયાધારણા આપી માલધારી સમાજને તેના પારંપારીક હકકો મળવા જરૂરી હોવાનો મત વ્યકત કર્યો હતો.

૨૮. માલધારીઓ અને ઉન વિકાસ નિગમ વચ્ચે સંકલનનો અભાવ

૨૯. જાહેર થયેલી યોજનાઓનું અમલીકરણ થતું નથી

**ઉપાયો :**

૧. ગૌચર પૂર્તિ થાય અને તેના વ્યવસ્થાપનમાં માલધારીઓ નિર્ણાયક ભૂમિકામાં આવે

૨. ગૌચરને લગતા નિયમોનું ગુજરાત સરકાર દ્વારા અમલીકરણ થાય

૩. માતા-મૃત્યુ અને બાળ-મૃત્યુનો દર ઘટાડવા, સ્થળાંતર માર્ગમાં મોબાઈલ દવાખાનાની વ્યવસ્થા ઊભી કરવી

૪. સ્થળાંતર કરતા માલધારી માટે મોબાઈલકાર્ડની વ્યવસ્થા હોવી જોઈએ

૫. સ્થળાંતર કરતા માલધારીનાં બાળકો મોટે મોબાઈલ સ્કૂલની વ્યવસ્થા હોવી જોઈએ

૬. પરંપરાગત અને ટકાઉ તથા પદ્ધતિસરનું પશુપાલન વિકસે તે માટે માલધારી યુનિવર્સિટીની સ્થાપના થાય

૭. માલધારીઓની વસ્તી ગણતરી થાય

૮. માલધારીઓનો મોભો વધારે તેવા કાર્યક્રમોનું જિલ્લા, તાલુકા અને ગ્રામ્યસ્તરે આયોજન થાય

## તમામ નાગરિક, સમાજ શિક્ષણ મેળવે : બાલકૃષ્ણ રેણકે

ભાસ્કર ન્યૂઝ । પાલનપુર

"આ યુગ વિચારો અને વિકાસનો છે. ત્યારે નાગરિક અને સમાજ જાગૃત બનીને વિકાસકીય યોજનાનો લાભ લેતાં ઘણા પ્રશ્નોનું સુખદ નિરાકરણ થઈ સુખદ સમાજનું નિર્માણ થશે ' તેમ વિચરત વિમુક્ત જાતિ આયોગના રાષ્ટ્રીય અધ્યક્ષે જણાવ્યું હતું. પાલનપુર જગાણા રોડ પર બનાસકાંઠા જિલ્લામાં વસવાટ કરતાં વિચરતી વિમુક્તિ જાતિના લોકોનું એક સંમેલન યોજાયું હતું. તે પૂર્વે અધ્યક્ષે વિવિધ પછાતવર્ગના નાગરિકો સાથે મુલાકાત લઈ જાણકારી મેળવી હતી.

પાલનપુર-જગાણા રોડ પર આવેલ નવાગંજ બજારની બાજુમાં બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા જિલ્લામાં વસવાટ કરતાં વિચરતી વિમુક્ત જાતિના લોકોનું સરદારભાઈ ઓડના અધ્યક્ષસ્થાને એક સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં અતિપછાત એવી ભટકતી વિમુક્ત-વિચરતી અર્ધ-વિચરતી જન જાતિઓ આઝાદીના ૬૦ વર્ષ થવા છતાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રહેઠાણ, ધંધા-રોજગાર તેમજ રાજકીયક્ષેત્રે વિકાસથી વંચિત લોકોને કેન્દ્ર સરકાર દ્વારા રચના કરાયેલ આયોગના ચેરમેન બાલકૃષ્ણ રેણકે અને સભ્ય લક્ષ્મણભાઈ પટણીએ ઉપસ્થિત રહી તેઓને મળતા સરકારી લાભો અંગેની માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું

આ પ્રસંગે નેશનલ કમિશનના અધ્યક્ષે જણાવ્યું હતું કે "સરકાર સમાજની સર્વાંગી વિકાસ માટે અભિયાન સ્વરૂપે કામગીરી કરે છે. ત્યારે સમાજનો કોઈ વર્ગ વિકાસથી વંચિત ન રહી જાય તેની વિશેષ કાળજી લેવામાં આવે છે." આ સંમેલનના અધ્યક્ષ સરદારભાઈ ઓડે જણાવ્યું હતું કે 'વિચરતી વિમુક્ત જાતિના લોકો પોતાના પેટનો ખાડો પૂરતા ભટકતું જીવન વિતાવે છે. જૂના ખેલ-તમાશા અને કલા-કારીગરી, શાક-બકાલાના ધંધા પડી ભાંગ્યા છે.

૯. નાના પશુઓ ઉપયોગી પશુની વ્યાખ્યામાં આવે

૧૦. માલધારીઓને ખેડૂતની વ્યાખ્યામાં ગણતરી કરવી

૧૧. પશુપાલન માટે પુરતો ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કરવી

૧૨. સ્થળાંતર કરતા માલધારીઓ માટે અલગ સ્થળાંતર રૂટ બને કે જેમાં પશુવહન સરળતાથી તઈ શકે અને તેના ઉપર પાણી અને પશુચિકિત્સા મળી રહે

૧૩. માલધારીઓનાં વાડાની નોંધણી થાય અને નોંધણી થયેલા વાડાનો માલધારીઓને હક્ક મળે

૧૪. રાજકીય અને સહકારી માળખાઓમાં માલધારીઓનું પ્રતિનિધિત્વ વધે તે માટે અનામતનો હક્ક મળે

૧૫. માલધારી કેન્દ્રિત નીતિઓ બને

૧૬. પશુ પેદાશનું માર્કેટ ઊભું કરવું

૧૭. ફોરેસ્ટ વ્યવસ્થાપનમાં માલધારીઓ હોવા જોઈએ

૧૮. રખાલ અને વિડીનું પુનઃજીવન થવું જોઈએ

૧૯. માલધારીઓની ખાલસા થયેલ જમીન પરત મળે એવી વ્યવસ્થા ઊભી કરવી

૨૦. શહેરી માલધારીઓને પાયાની તમામ સુવિધાઓ મળવી જોઈએ

૨૧. વિચરતી અને વિમુક્ત જાતિઓમાં ગુજરાતના માલધારીઓનો સમાવેશ કરવો જોઈએ

૨૨. ઉન અને દૂધની પેદાશોનો પુરતો ભાવ મળી રહે

૨૩. ઉનનું યોગ્ય રીતે ગ્રેડીંગ થાય

૨૪. વ્યવસ્થાપનના ફરજિયાત ધોરણે માલધારીઓ હોય અને નિર્ણાયક ભૂમિકામાં હોય

૨૫. ઉન કટીંગ મશીન રાહત દરે માલધારીઓને આપવામાં આવે

૨૬. ઉન નિકાસનું પ્રમઆણ વધારવા સબસીડી આપવામાં આવે

૨૭. ઉનની વસ્તુઓ બનવાનું પ્રમાણ વધે ને વુલન એક્સ્પો વધે તે માટે માલધારીઓને સબસીડી મળે

૨૮. ખરીદનાર અને વેચાણ કરનારની મીટિંગ થવી જોઈએ

૨૯. ઘેટા અને ઘેટા પાલકની વસ્તી ગણતરી થાય

૩૦. ઘેટા પાલક પરિવારનાં બાળકોને શિષ્યવૃત્તિ મળે

૩૧. પશુપેદાશોના વેચાણને પ્રોત્સાહન મળે તે માટે સ્વસહાય જૂથોને રાહત દરે ધિરાણ મળવું જોઈએ

૩૨. ઘેટાં પાલનને પ્રોત્સાહન આપનાર માલધારીઓની અલગ સંસ્થા હોય અને તેને નાણાંકીય સહાય મળે

૩૩. ઉન માટે ટેકાના ભાવો જાહેર થાય

૩૪. પશુ અને પશુપાલક પરિવાર માટે વિમા યોજનાઓનું અમલીકરણ થાય

૩૫. ઘેટા-બકરા ખરીદવા માટે લોન સહાય મળે

# શાસન, શિક્ષણ અને સંવેદના

વાસુદેવ વોરા

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ વિશે બહુ સૂક્ષ્મતાથી ચિંતન કરવામાં આવ્યું છે. હિન્દુ મનોવિજ્ઞાન તેનો આધાર પૂરો પાડે છે. મન, બોધ ને તેની પ્રક્રિયાઓ વિશેના વિશદ્ જ્ઞાન જે સમાજની ધરોહર છે, તે સમાજનું પાટણના ઘટનાક્રમમાં અધોપતનનું વિકરાળ ચિત્ર, માત્ર આઘાતજનક કરતાં પણ વિશેષ વિશ્લેષણ માટેની ચેતવણીરૂપ છે. માનવવિકાસનો ઇતિહાસ અને અર્થ એ વસ્તુ ઉપર અવલંબે છે કે માનવી પોતાની પાષાણયુગીન જંગલી દશામાંથી સુધરતો, વિકસતો એક સંસ્કૃત નગરજન તરીકેની ભૂમિકામાં રૂપાંતરણ પામતો હોય. હજારો વર્ષોની માનવીય ઉત્ક્રાંતિના પુરુષાર્થનું પરિણામ આજે આપણને અનુભવાતું હોય તો તે પ્રક્રિયાના નિયમો હવે આપણે નજરઅંદાજ ન કરી શકીએ. આ પ્રક્રિયાના નિયમો પણ દરેક સમાજની સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ પ્રમાણે અલગ અલગ રીતોના ઘડાયા હોય તે સ્વાભાવિક છે. તેના ફલસ્વરૂપ જે તે સમાજનું માનવીય ગુણવિકાસનું ક્લેવર બંધાય છે અને સમાજજીવન તેની અસરોને જીવતું હોય, અનુભવતું હોય છે. મોગલશાસન પહેલાંનું ભારતીય સમાજજીવન અને તે પછીનું, તે રીતે જ અંગ્રેજશાસન દરમ્યાનના ફેરફારો અને તેની અસરથી વિકસેલો આજનો ભારતીય સમાજ. આમ, શાસન જ્યારે સ્વતંત્રતાનો નાશ કરીને સમાજ પર આધિપત્ય પ્રસ્થાપિત કરે છે, ત્યારે સમાજમાં વિકૃતિગત ફેરફારો ઝડપથી અને વ્યાપક રૂપે પ્રભાવી બને છે. સમાજની સ્વતંત્રતાની કે શાસનકર્તાના આધિપત્યની સ્થિતિ માનવવિકાસના નૈસર્ગિક કે કુંઠિત ક્રમને સ્પષ્ટ કરનારું અસરકર્તા બળ બની રહે છે.

ભારત દેશ માટે સ્વરાજની ચળવળના પ્રારંભિક તબક્કામાં જ મહાત્મા ગાંધીએ આ સવાલની સમૂળી ચર્ચા ઉપાડી હતી. તેમણે 'હિંદ સ્વરાજ' (૧૯૦૯)માં આ વાત સ્પષ્ટરૂપે રજૂ કરી હતી. સ્વરાજ, વિકાસ અને કેળણી તે વ્યક્તિગત ચારિત્ર્યવિકાસ સાથે એકરૂપ છે, જે પરિસ્થિતિ વાસ્તવમાં જે તે સમાજના સ્વાતંત્ર્ય કે પરાવલંબનને અસર કરનારું પરિબળ છે. તે પુસ્તિકામાં ગાંધીજી લખે છે : "તમે હિન્દુસ્તાનને અંગ્રેજ બનાવવા માગો છો. અને જ્યારે હિન્દુસ્તાન અંગ્રેજી થશે ત્યારે તે હિન્દુસ્તાન નહીં કહેવાય પણ ખરેખરું ઇંગ્લિસ્તાન કહેવાશે. આ સ્વરાજ મારા વિચારનું નથી." એક સદી પહેલાંના આ શબ્દો આજે આપણી આસપાસ-ચોપાસ વાસ્તવિક્તા બનીને પડઘાઈ રહ્યા છે.

પાટણની ઘટનાના મૂળ આ પરિબળમાં રહેલાં છે. ગુલામીની માનસિક્તાના ચારિત્ર્યનિર્માણ કરતા મેકોલે-શિક્ષણને ગાળો આપનારા પણ તે જ શિક્ષણ પામીને, આખા સમાજના ચારિત્ર્યનું ગુલામીકરણ ચાલુ રાખી રહ્યા છે. શું પાંચ-છ શિક્ષકો કે તેમના અધિકારીઓ માત્ર આ પાશવતાના ગુનેગાર છે? તેમનામાં આવી હિંમત જે સત્તાના જોરે આવી, તે શાસકો અને તેમને કે તેમના જેવાને વગર વિચાર્યે તેમના ગજાબારું તંત્ર સોંપતી ગમાર પ્રજા પણ ગુનેગાર કેમ નહીં? આવી ઘટનાઓ પાકેલાં ગૂમડાં પેઠે ફૂટે ત્યારે પ્રજાતંત્રની સાઠ વર્ષની લાંબી યાત્રા હજુ પ્રારંભિક તબક્કામાં જ હોય તેવા હાલ આપણી નજરે પડે છે. પ્રજાતંત્રમાં કેમ વર્તન કરાય તેટલા શિક્ષિત પણ આ સત્તાધીશો નથી. આવાં શિક્ષણની જરૂરિયાત હજુ કોઈ પાર્ટીનાં શિબિરોમાં કે સંમેલનોમાં વ્યક્ત થતી નથી. કેમ કે, પ્રજા અને સત્તા તે અલગ રહેવા દેવાની જ તેમની પાયાની જરૂરિયાત છે. પાટણની ઘટના તેમાં હાથવગો નમૂનો પૂરો પાડે છે. ઘટના બન્યા પછી જે મહિલા આચાર્યા ત્યાં મુકાયાં, તેમણે જે વર્તન તેમની વિદ્યાર્થિનીઓ સાથે કર્યાના અહેવાલ પ્રસિદ્ધ થયા, તે શિક્ષણ ચલાવતા અને શાસનકર્તા સમુદાયની નીંભર મનોદશાનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. પ્રશાસનિક તંત્ર અને વળી શિક્ષણ જેવાં એકદમ નાજુક અને સંવેદનશીલ વિષયના વિભાગમાં આવી જડ અને મૂઢ મનોદશા, તેના આખા ઇતિહાસને ઉખેડવા માટે સક્ષમ છે. મતલબ કે, શિક્ષણવિભાગની આ નીંભરતા પાંચ-દસ વર્ષના ગાળામાં કેળવાયેલી જ ન હોઈ શકે, બલ્કે પાંચ-છ દાયકાનું કામ તેમાં થયું હોય તે સમજવાની જરૂર છે.

**શું પાંચ-છ શિક્ષકો કે તેમના અધિકારીઓ માત્ર આ પાશવતાના ગુનેગાર છે? તેમનામાં આવી હિંમત જે સત્તાના જોરે આવી, તે શાસકો અને તેમને કે તેમના જેવાને વગર વિચાર્યે ગજાબારું તંત્ર સોંપતી ગમાર પ્રજા પણ ગુનેગાર કેમ નહીં?**

આવી સ્થિતિ આપણી ગંભીર સામાજિક અને રાજકીય પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે. બૌદ્ધિકો, શિક્ષણવિદો અને સમાજચિંતકો કાં તો રાજકીય તમાશાનો ભાગ બની ચૂક્યા છે કે પછી તેમનો અવાજ ક્ષીણ અને શક્તિહીન બની ચૂક્યો છે. પૂરા સમાજનું ખમીર ખોવાઈ ગયાની આ ઘટના કદાચ પાટણ જેવી ઘટનાઓની જનની છે! અહીં જ નક્કી કરવું પડે કે મૂળ ચારિત્ર્યહનનની પ્રક્રિયા કેવી અસરકારક બની છે અને હજી તેના ઉપાય માટે કોઈ સળવળાટ કરવાની હામ આપણામાં બચી છે કે નહીં? આ કામ રાજકારણનું નથી પણ

(અનુસંધાન પાના નં. ૧૦ પર)

## બાયો ડાયવર્સિટી એક્ટ - ૨૦૦૨માં સુધારા માટે

# મદુરાઈ(તામિલનાડુ)માં માલધારી પ્રતિનિધિઓનું સંમેલન યોજાયું

ગીતા દેસાઈ

આપણા દેશમાં સ્થળાંતરિત અને સ્થાયી એમ બે પ્રકારનું પશુપાલન થાય છે. નાનાં પશુ રાખનાર મોટેભાગે સ્થળાંતર કરીને પશુપાલન કરે છે. જે ઘણાં લાંબા સમયથી આજીવિકાનો સ્ત્રોત બની રહેલું છે. પરંતુ સમય બદલાતાંની સાથે સરકારી નીતિઓ પણ બદલાતી રહી અને પશુપાલન જાણે બિન ઉપયોગી વ્યવસાય હોય તેમ તેના તરફ દુર્લક્ષ સેવાતું જાય છે, તે હાંસિયામાં ધકેલાતું જાય છે.

દેશમાં પોતાના પરંપરાગત વ્યવસાયને ટકાવી રાખવા, મહામૂલું પશુધન સાચવી રાખવા અને પોતાના અધિકારોને સંગઠનાત્મક રીતે આત્મસાત કરવા માલધારીઓ દ્વારા 'લાઇફ' નેટવર્કની રચના કરાઈ છે. જેમાં ગુજરાત પણ એક સાથી રાજ્ય તરીકે જોડાયેલું છે.

ગુજરાતમાં પાંચાળ, ઝાલાવાડ, બન્ની-પચ્છમ, વાગડ, ભચાઉ, પાટડી ખારોપાટ, વઢીયાર અને કાંકરેજ વિસ્તારના માલધારીઓએ ગુજરાત સ્તરે 'માલધારી જન આંદોલન'ની રચના કરી છે અને માલધારીઓના હક માટે લડવા પ્રતિબદ્ધ છે.

'માલધારી જન આંદોલન'ના સભ્યો આપણા દેશ અને વિશ્વના અન્ય દેશો સાથે મળીને અધિકારલક્ષી ચર્ચાઓ કરી છે. તે મુદ્દા આ મુજબ છે.

- ભારતનાં અલગ-અલગ રાજ્યોમાં માલધારીલક્ષી નીતિઓ
- દુનિયાના અલગ અલગ દેશોમાં સરકારો દ્વારા અમલ થઈ રહી હોય તેવી નીતિઓ
- આપણા દેશમાં માલધારીઓના અધિકાર
- પશુપાલન સામે વર્તમાન સમયના પડકારો
- પશુપાલનનું મહત્ત્વ
- રાજ્ય, કેન્દ્ર સરકાર અને આયોજન પંચની જવાબદારી
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે માલધારીઓના સંગઠનની મજબૂતાઈ માટે જરૂરી પગલાં
- જૈવ-વૈવિધ્ય અંગે ચર્ચા

ફેબ્રુઆરીના અંતમાં લાઇફ નેટવર્કની મીટિંગમાં તામિલનાડુના મદુરાઈ જવાનું થયું.

બાયો ડાયવર્સિટી એક્ટ ૨૦૦૨માં સુધારાવધારા થઈ શકે તે માટે ત્યાં માલધારીઓ એકત્ર થયા હતા. ત્યાં એનબીએ (નેશનલ બાયોડાયવર્સિટી ઓથોરીટી)ના અધિકારીઓ સાથે રહી વિગતે ચર્ચા પણ કરી.

ચર્ચા દરમ્યાન માલૂમ પડ્યું કે, ગુજરાતની જેમ દેશના અન્ય રાજ્યો અને વિશ્વના અન્ય દેશમાં પણ માલધારીઓ ઘણા પ્રશ્નોનો સામનો કરવો પડી રહ્યો છે.

સંમેલનમાં હિન્દીમાં ખૂબ ઓછી અને અંગ્રેજી તથા તમિલમાં વધુ વાતો થતી હતી, તેથી ઝાઝો ખ્યાલ નહોતો આવતો પણ મારા તેમની સાથેના વ્યવહારને કારણે માલધારીઓના પ્રશ્નોમાં ગુજરાત તેમની સાથે છે, એવી અનુભૂતિ થતાં તેઓ ખુશ થઈ જતા. ત્યાં એક દિવસ વધારે રોકાઈ જઈ માલધારીઓ સાથે હું રહું એવો આગ્રહ પણ તેઓ વારેવારે કરતા હતા.

દિવસ દરમ્યાન હું કંઈક એવું સમજી શકી કે બાયોલોજિકલ એક્ટ ૨૦૦૨માં સુધારાવધારાની ચર્ચા માટે તેઓ એનબીએની સાથે ચર્ચા કરતા હતા.

મદુરાઈમાં સાંસ્કૃતિક અને ભાષાકિય વૈવિધ્ય હોવા છતાં સંગઠનાત્મક એક્તાનો અનુભવ થયો. જે ખરેખર એક દિવસ આપણા દેશના માલધારીઓને તેમના અધિકારની લડાઈ દ્વારા હક પ્રસ્થાપિત કરાવવામાં મુખ્ય પ્રેરકબળ પૂરું પાડશે.

---

(પાના નં. ૯નું અનુસંધાન)

રાજનીતિનું જરૂર બની શકે. તેના માટે સત્તા નહીં પણ સત્યની જરૂર છે. શિક્ષણના ક્ષેત્રમાંથી સત્યના છેહ અને સત્તા-સંપત્તિના નેહની આ પારાયણ છે. શિક્ષક તેજસ્વી હોવો તે માત્ર નસીબની કે ગયા જમાનાની વાત નથી. આજ અને આવતીકાલ માટે તેજસ્વી શિક્ષક તે વ્યક્તિ અને રાષ્ટ્રના નિર્માણની આવશ્યક અનિવાર્યતા છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી કયા કલ્ચરનો વિકાસ થઈ રહ્યો છે? ગાંધીજીએ કહ્યું તેમ, "પેગમ્બર મહમ્મદના શિક્ષણ પ્રમાણે આ શયતાની રાજ્ય ગણાય. હિન્દુ ધર્મ આને હડહડતો કળિકાળ કહે છે... હિન્દી સુધારા (=વિકાસ)નું વલણ નીતિ દૃઢ કરવા તરફ છે, પશ્ચિમના સુધારાનું વલણ અનીતિ દૃઢ કરવા તરફ છે. પશ્ચિમનો સુધારો નિરીશ્વરી છે, હિંદી સુધારો સેશ્વરી છે." તેનો વાહક શિક્ષક હોય, રાજકારણી નહીં. રાજકારણ પ્રેરિત વિકાસ પાટણના વિનાશને પ્રજ્વલિત કરશે. શિક્ષકપ્રેરિત વિકાસ ઘરઘરનાં દીવડા-દીવડીને પ્રગટાવી પ્રકાશ પાથરશે, તે નરી વાસ્તવિક્તા છે. તે સ્વયંસિદ્ધ છે, તે સંસ્કૃતિસિદ્ધ છે. ગુરુકુળની સંસ્કૃતિ તેવાં નામકરણો માત્રથી નથી વિકસતી. પરંતુ સ્વામી વિવેકાનંદ જેવી પ્રચ્છન્ન પ્રતિભાનાં સત્યસાધના, ત્યાગ અને રાષ્ટ્રપ્રીતિથી સંસ્કૃતિનાં મૂલ્યોનું શિક્ષણ પ્રજા પામે છે. આજે સંવેદનશીલતાના અભાવની વૃત્તિને બળવત્તર કરતાં પરિબળોની સામે થવા કરતાં, નિષ્ઠાવાન શિક્ષકજનની ખોટને સંભારે તેવાં મનની જરૂર છે. તે માટે આપણને સજાગ બનાવે તેવું મન શુભસંકલ્પમય બનો.

## ‘કદમ’ સમુદાયની એક્તા અને અધિકાર માટે

# ગુજરાતભરમાં જનહક-યાત્રા યોજાઈ

‘બાગ’ ટીમ

ગુજરાતમાં હાલમાં આર્થિક, સામાજિક અને રાજકીય પરીપ્રેક્ષ્યમાં ‘કદમ’ સમુદાયની પરિસ્થિતિ જોવા જઈએ તો તે સમાજનો સૌથી શોષિત અને પીડિત સમુદાય છે. તેમાં પણ સરકારની નીતિઓ પણ કદમ વિરોધી હોય તેવું લાગી રહ્યું છે. શિક્ષણનું બજારીકરણ થતાં ખાનગી શાળાઓ અને કૉલેજોની હાટડીઓ ઠેરઠેર જોવા મળે છે, તેની સામે સરકારી શાળાઓમાં શિક્ષણનો સ્તર દિવસે કથળી રહ્યો છે. આજીવિકાના પ્રશ્નો પણ ગંભીર છે. સરકાર લાલ જાજમ પાથરીને ક્યારેક કોર્પોરેટ ફાર્મિંગના નામે તો ક્યારેક વિકાસના નામે ‘સેઝ’ જેવી નીતિ દાખલ કરીને આપણા ગામની જમીનને મફતના ભાવે પૂંજીવાદીઓને વેચી રહી છે. જ્યારે કદમ સમુદાયને પોતાની રોજી રળવા માટે આ જમીનનો એક ટુકડો પણ આપવામાં આવતો નથી. તો બીજી બાજુ શહેરોનાં વિકાસના નામે મેગા સિટી અને મેગા મોલો બનાવી ઝૂંપડપટ્ટીના લોકો તેમજ બીજા નાના તેમજ છુટક વેચાણ કરતા વેપારીઓને ઘર અને રોજગાર વિહોણા બનાવી રહી છે. તેવી જ રીતે જંગલની જમીનમાંથી આદિવાસીઓને બેદખલ કરી રહી છે. ગૌચર અને પડતર જમીન માલના મોઢામાંથી ખૂંચવી રહી છે. આ સરકાર ગામડાં અને શહેરો માટે અલગ અલગ એવી બેધારી નીતિઓ બનાવી રહી છે તો કોમવાદના નામે ‘કદમ’ સમુદાયને વિભાજીત કરવાનું કામ ફાસીવાદી પરિબળો કરી રહ્યા છે.

આ કારણોથી ગુજરાતનો ૭૦ ટકા કદમ સમુદાય વિખેરાતો જાય છે અને અસંગઠનને કારણે તેનું શોષણ થાય છે. આવી નીતિઓનો વિરોધ કરવા કદમ સમુદાય એક થાય અને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈને પોતાના હક મેળવે તેવા આશયથી ગુજરાતમાં સાચા અર્થમાં લોકશાહી એટલે લોકો વડે, લોકોથી ચાલતી લોકનીતિની વાત કરીએ.

‘બાગ’ (બુનિયાદી અધિકાર આંદોલન - ગુજરાત) અને નાફ્રે જન આંદોલન દ્વારા તા. ૧૫-૨૦ ફેબ્રુઆરી’૦૮ સુધી સમગ્ર ગુજરાતમાં બાળ અધિકાર અને માનવીય અધિકારો જેવા કે આજીવિકા, સ્વશાસન અને સમાન શિક્ષણની જાણકારી વિશેના કાર્યક્રમો અંગે લોકહક યાત્રા યોજાઈ. જે ગુજરાતના ૧૯ જિલ્લાઓમાં અલગ અલગ ચાર જગ્યાએથી નીકળી. આ યાત્રાનો પૂર્ણાહુતિ કાર્યક્રમ અમદાવાદ ખાતે મોટા સંમેલન સ્વરૂપે કરવામાં આવ્યો. આ સંમેલનમાં ગુજરાતના પ્રાથમિક શિક્ષણના સવાલો પર ‘બાગ’ દ્વારા એક સર્વે રજૂ કરાયો હતો. આ ઉપરાંત ‘કદમ’ સમુદાયના બાળકોના પ્રશ્નો પર ગ્રામ સ્વરાજ સંઘ - નીલપર, ‘મારગ’ તથા ‘બી.એસ.સી.’ દ્વારા અભ્યાસો રજુ કરવામાં આવ્યા. જેમાં આભડછેડ, મારઝૂડ, મધ્યાહન ભોજનની અનિયમિતતા, પીવાના પાણીની અવ્યવસ્થા, શૌચાલયો, રમતનાં મેદાનો અને વર્ગખંડો અને શિક્ષકોની ઓછી સંખ્યા જેવી પાયાની સુવિધા જેવા પ્રશ્નોના ઉકેલ માટે માગણી સાથે શિક્ષણમંત્રી, શિક્ષણ સચિવ તથા મુખ્યમંત્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું.

**જન હક યાત્રા (જાન્યુઆરી - માર્ચ ૨૦૦૮) દેશભરમાં એક સાથે ચાલી.**

નાફ્રે જન આંદોલનની જનહક યાત્રા દેશના લોકોની એક્તાને મજબૂત કરવા અને સમાન સમાજના નિર્માણની પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવાનો પ્રયાસ છે. નાફ્રે જન આંદોલન ધર્મ નિરપેક્ષ લોકતંત્ર માટે સંઘર્ષરત આંદોલનને ભેગા થવાનું આહ્‌વાહ્‌ન કરે છે. આજના આ પડકારોનો સામનો કરવા માટે લોક આંદોલન સાથે જોડાયેલા મહેનતકશ લોકોની વધારે પ્રમાણમાં જરૂર છે. એક એવો લોક મોરચો (લોકજુવાળ) જેમાં દેશભરના બધા જ લોકો કે જે અન્યાય, અત્યાચારનો ભોગ બન્યા હોય અને અધિકારથી વંચિત હોય તે એક થાય અને ભારતની જુદી જુદી જ્ઞાતિઓ - જાતિઓના લોકો ભેગા મળીને એક્તાની સ્થાપના કરવી જોઈએ.

નાફ્રે જનઆંદોલન જન હક યાત્રાના માધ્યમથી લોકો વચ્ચે એક્તા લાવવાનો પ્રયાસ કરી રહી છે, જેથી સામ્રાજ્યવાદ, સામંતવાદ અને વિષમતાના બધા જ સ્ત્રોતોની સામે મોટા પ્રમાણમાં વિરોધ કરીને યોજનાબદ્ધ રીતે આંદોલન ઝડપી બનાવી શકે. એ માટે આપણે સાથે મળીને નવસામ્રાજ્યવાદ અને તેને સમર્થન કરવાવાળી તમામ તાકાતોને જબરજસ્ત માત આપવા માટે આગળ વધીએ તે જરૂરી છે.

નાફ્રેનો સંકલ્પ છે કે જ્યાં સુધી શોષણ અને અસમાનતાને જમીનદોસ્ત નહી કરીએ ત્યાં સુધી ચેનથી બેસીશું નહીં અને આપણા શહીદ થયેલા પૂર્વજોએ ચીંધેલા માર્ગે ચાલીને સમાનતામૂલક લોકતંત્રની સ્થાપના કરીશું. ભારતની સત્તા ચલાવી રહેલા બે રાજકીય પક્ષોની સાથે વામ મોરચાની પણ પોલ ખુલી ગઈ છે. વિકાસ અને ફાસીવાદનો એક નાનો ભાઈ પણ આપણી સામે છે. તેના માટે નાફ્રે જનઆંદોલન પોતાની જવાબદારી સમજીને લોકોની સ્વાયત્તતાની સ્થાપના કરવા માટે છેલ્લા શ્વાસ સુધી લોકોની સાથે ચાલવા તૈયાર છે. આ માટે નાફ્રે દ્વારા રાષ્ટ્રીય સ્તરે લોકહક યાત્રા યોજાઈ હતી. જેણે જુદાજુદા ૧૬ રાજ્યોમાં ફરીને લોકોને પોતાના હક્ક અને અધિકાર માટે ૨૬, ૨૭ માર્ચના દિલ્લી ખાતે ભેગા મળીને આંદોલન ચલાવ્યું.

**બાગ - નાફ્રે જન હક યાત્રા દરમ્યાન થયેલ કાર્યક્રમો**

- જુનાગઢ - ઇન્દિરા ગામમાં આર્થિક-સામાજિક દૃષ્ટિકોણથી બાળમજૂરી પર સોશ્યલ ઓડિટ કરવામાં આવ્યું.

- પોરબંદર, રાણાવાવ - કુતિયાણા અને જૂનાગઢમાં બાળ અધિકાર અને જમીન અધિકાર અંગે આવેદનપત્ર આપવામાં આવ્યું.
- અમરેલી-કુકાવાવમાં બાળમજૂરી પર સંમેલન કરવામાં આવ્યું.
- ચોટીલામાં શિક્ષણના પ્રશ્નો અને બાળકો પર થતાં અત્યાચારો સામે રેલી કાઢી આવેદનપત્ર આપવામાં આવ્યું.
- પાટણમાં બાળમજૂરી નિવારણ માટે સંમેલન યોજવામાં આવ્યું.
- ડિસામાં રહેઠાણના સવાલો પર સંમેલન યોજવામાં આવ્યું.
- વાવમાં ટોચમર્યાદા ધારા અંતર્ગત જમીન અધિકાર આંદોલનનું સંમેલન યોજવામાં આવ્યું.
- પાલનપુરમાં ઝુંપડપટ્ટી સંદર્ભે સંમેલન યોજાયું.
- વિરમગામ અને ભુજમાં બાળઅધિકાર અને જમીન અધિકાર અંગે રેલી કાઢી આવેદનપત્ર આપવામાં આવ્યું.
- તારાપુર - કનેવાલમાં ટુરીઝમ સ્પોર્ટ સામે પીવાના પાણી અંગે સંમેલન યોજાયું.
- અમદાવાદમાં રહેઠાણના સવાલો પર જનસુનવાઈ કરવામાં આવી.

**'બાગ' અને 'નાફે' દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આ પ્રમાણે જન હક યાત્રા યોજાઈ હતી.**

**કચ્છ**

| તારીખ | સ્થળ | તારીખ | સ્થળ |
|---|---|---|---|
| ૧૫/૦૨/૦૮ | ભુજ, ભચાઉ, સામખિયાળી | ૧૯/૦૨/૦૮ | વણોદ, દસાડા |
| ૧૬/૦૨/૦૮ | રાપર, આડેસર, વારાહી, સાંતલપુર, રાધનપુર | ૨૦/૦૨/૦૮ | માંડલ, વિરમગામ |
| ૧૭/૦૨/૦૮ | સમી, હારીજ, પાટણ | ૨૧/૦૨/૦૮ | અમદાવાદ |
| ૧૮/૦૨/૦૮ | ચાણસ્મા, મોઢેરા, બેચરાજી | | |

**સૌરાષ્ટ્ર ૧-૨**

| તારીખ | સ્થળ | તારીખ | સ્થળ |
|---|---|---|---|
| ૧૫/૦૨/૦૮ | પોરબંદર, રાણાવાવ, કુતિયાણા, માણાવદર-વંથલી, ગાંઠિલા | ૧૯/૦૨/૦૮ | સુરેન્દ્રનગર |
| ૧૬/૦૨/૦૮ | જૂનાગઢ, ભેંસાણ, બગસરા, કુકાવાવ, ગોંડલ | ૨૦/૦૨/૦૮ | વિરમગામ |
| ૧૭/૦૨/૦૮ | લોધીકા, રાજકોટ, ધ્રોળ, રાજકોટ | ૨૧/૦૨/૦૮ | અમદાવાદ |
| ૧૮/૦૨/૦૮ | ચોટીલા, સાયલા, ચુડા | | |

**ઉત્તર ગુજરાત**

| તારીખ | સ્થળ | તારીખ | સ્થળ |
|---|---|---|---|
| ૧૫/૦૨/૦૮ | વાવ, થરાદ | ૧૯/૦૨/૦૮ | ખેડબ્રહ્મા, વિજયનગર, ભીલોડા |
| ૧૬/૦૨/૦૮ | ડિસા, પાલનપુર | ૨૦/૦૨/૦૮ | ઇડર (દરામલી), હિંમતનગર |
| ૧૭/૦૨/૦૮ | વડગામ | ૨૧/૦૨/૦૮ | અમદાવાદ |
| ૧૮/૦૨/૦૮ | પાલનપુર, દાંતા (હડાદ) | | |

**દક્ષિણ, મધ્ય પૂર્વ ગૂજરાત**

| તારીખ | સ્થળ | તારીખ | સ્થળ |
|---|---|---|---|
| ૧૫/૦૨/૦૮ | નિઝર, ઉચ્છલ, વ્યારા, ડાંગ | ૧૮/૦૨/૦૮ | તિલકવાડા, ડભોઈ, વડોદરા |
| ૧૬/૦૨/૦૮ | વાલોડ, સુરત | ૧૯/૦૨/૦૮ | નડિયાદ, તારાપુર |
| ૧૭/૦૨/૦૮ | ઝગડિયા, રાજપીપળા | ૨૦/૦૨/૦૮ | તારાપુર, આણંદ, મહેમદાવાદ, અમદાવાદ |

**મધ્ય ગુજરાત**

| તારીખ | સ્થળ |
|---|---|
| ૧૮/૦૨/૦૮ | વટવા (ઇનોગ્રશન) દાણીલીમડા, શાહઆલમ, જમાલપુર (રામરહીમ ટેકરા), પાલડી, વાસણા, વેજલપુર |
| ૧૯/૦૨/૦૮ | જોધપુર (રામદેવનગર), વસ્ત્રાપુર, મેમનગર, જાદવનગર, વાડજ, દરિયાખાન ઘુમ્મટ, ઇદગાહ, સરસપુર, કાલુપુર |
| ૨૦/૦૨/૦૮ | ગોમતીપુર, રખિયાલ, બાપુનગર, ઓઢવ, નિકોલ રોડ, નરોડા |

# પાટણ ઘટના - શાસકીય અંધેર પણ સ્ત્રી અડીખમ

**'મારગ' ટીમ-પાટણ**

ગુજરાતના શાંત, સંસ્કારી, ઐતિહાસિક નગર તરીકે ઓળખાતા પાટણના ડાયેટ શિક્ષણ સંકુલ (પી.ટી.સી. કૉલેજ)માં છ-છ અધ્યાપકો દ્વારા એક દલિત વિદ્યાર્થીની સાથે જાતીય શોષણના કારણે આખા ગુજરાતમાં અને શિક્ષણ જગતમાં ખુબજ માઠી અસર થવા પામી છે. આ પરથી 'બેટી બચાવો', 'કન્યા કેળવણી અભિયાનો, સ્ત્રી સલામતીની વાત કરતા નેતાઓ તથા સરકારના આવાં અભિયાનો કેટલાં દંભી હોય છે તે પ્રદર્શિત થાય છે. ભોગ બનનાર વિદ્યાર્થિનીને સરકાર દ્વારા એક લાખ રૂપિયાની સહાય અપાઈ રહી છે, તો શું આ સહાય આપી દેવાથી ચાલશે? શું આ રૂપિયાથી તેણે ભોગવેલાં દુઃખની અસર મટી જશે. આ યુવતીને ફરી સામાજિક પ્રવાહમાં લાવવાની જવાબદારી સમાજે ઉદાર રીતે વર્તીને તેમજ સરકારે શૈક્ષણિક, સામાજિક અને આર્થિક પુનર્વાસ માટે કામ કરીને નિભાવવી પડશે.

ગુજરાતમાં સ્ત્રી સલામતીની વાતો કરવામાં આવે છે ત્યારે ભોગ બનેલ વિદ્યાર્થિનીની સલામતી માટે પોલીસદળની માંગણી પણ રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ યાસ્મીન અબ્રારે કરી હતી અને ગુજરાત પોલીસને આ બાબતે મેજિસ્ટ્રેરિયલ બયાન બાબતે ધ્યાન દોરવું પડ્યું હતું. આ પરથી આપણી પોલીસ આ કેસને કેટલી ગંભીરતા(!)થી લે છે, તેનો ખ્યાલ આવે છે.

આ કેસમાં ૬ નરાધમો ઉપર આઈ.પી.સી. ૩૭૬/૩૫૪, ૫૦૭/૧૧૪ એટલે કે બળાત્કાર, છેડતી અને ગાળો બોલવાનો આક્ષેપ છે. ઘટના બહાર આવ્યાના ખાસ્સા સવા બે મહિના પછી તેમની સામે ચાર્જશીટ દાખલ કરાઈ છે. પરંતુ બળાત્કારી ગુનેગાર પકડાઈ ગયા હોય ત્યારે તેમને ગણતરીના કલાકોમાં જ આકરી સજા થવી જોઈએ. મેજિસ્ટ્રેરિયલ તપાસની વાત કરવામાં આવે છે પણ તપાસના અંતે કોર્ટમાં કેસ ચાલશે અને લાંબો સમય થતાં કેસને લુલો બનાવવાનો પ્રયત્ન થશે અને અંતે કેસની લાંબી પ્રક્રિયા પછી બધું રાબેતા મુજબ ભુલાઈ જશે. જેવી રીતે આજે આપણે બધા બીજલ જોષી અને ચાંદની પ્રકરણ ભૂલી ગયા છીએ તેમ જ!

આ કેસમાં રાજકીય નેતાઓ પણ પોતાના પક્ષના વખાણ કરતા થાકતા ન હોય તેવું દેખાય છે. આજ સુધી મત માટે ભીખ માગતા રાજકીય પક્ષો આવી ઘટનાને સામાન્ય માને છે. એટલી હદ સુધી કે નફ્ફટાઈથી કહે છે, આવા બનાવો તો બનતા રહે. અમે અમારી રીતે કાર્યવાહી કરીશું. શું તેમને બહેન દીકરીઓ નહિ હોય, એવું આપણે માની લઈએ?! અને હશે તો એમના માટે પણ આ રીતે જ બોલશે?! એટલું જ નહીં ગાંધીનગર ન્યાય મેળવવા લકઝરી બસ કરીને ગયેલી વિદ્યાર્થિનીઓને મળવાની ફુરસદ પણ આ નેતાઓને મળી નહોતી.

ખેર, હવે ઘોડા નીકળી ગયા પછી તબેલાને તાળા મારવાનો કોઈ અર્થ નથી, પરંતુ આ ઘટનાને માત્ર દલિત સમાજની દીકરી પરની ના મૂલતાં ગુજરાતની તમામ મહિલાઓના સ્વમાન અને સુરક્ષાને પડકારરૂપ ગણી આવા અત્યાચારો કરનાર નરપિશાચોને કડકમાં કડક સજા થવી જોઈએ. જેનાથી ભવિષ્યની પેઢી પર તેની મજબૂત અસર થાય અને આ પ્રકારની ઘટનાઓ અટકી શકે.

કેટલાંક અખબારો અને ટીવી ચેનલોએ આ ઘટનાને બરાબર વખોડતા પોતાની સામાજિક જવાબદારી સારી રીતે નિભાવી છે, ત્યારે પાટણના લોકોના આ ઘટનાને લઈને કેવા અભિપ્રાયો છે, અને શું માને છે તે પણ એટલું જ અને કદાચ વધારે મહત્ત્વનું છે. જેથી 'ઉપાધિ'ધારક અધ્યાપકો પર કડકમાં કડક પગલાં શા માટે વહેલામાં વહેલી તકે લેવાવાં જોઈએ તેનો ખ્યાલ આવે.

**પાટણના લોકોના અભિપ્રાય :**

(૧) આ નરાધમોને જાહેરમાં આકરી સજા માટે લોકોને સોંપી દેવા જોઈએ, જેથી ફરી આવા બનાવો બને નહીં.

(૨) ગુજરાતમાં સરકારી શિક્ષણ, ખાનગી શિક્ષણ તથા ગામડાઓમાં થતા સ્ત્રી-હિંસાના બનાવો અંગે તપાસ કરાવવી જોઈએ.

(૩) પાટણ કેસમાં થયેલ સ્ત્રી-હિંસામાં અધ્યાપકોની રાજકીય વગ હોવાથી આ કેસમાં સરકાર કશું નક્કર કરે તેવું લાગતું નથી.

(૪) પાટણ વકીલ એસોસિએશને આ કેસ લડવો નહીં તેવો ઠરાવ કર્યો છે, પરંતુ વકીલ રોકવા માટે, સરકારના અધિકારીઓને ફોડવા માટે નરાધમોના સગાઓ વિદેશથી રૂપિયા મોકલી રહ્યા છે.

(૫) આ શિક્ષકોના ડિગ્રી, સર્ટીફિકેટ વગેરે જપ્ત કરી લેવાં જોઈએ.

(૬) આરોપીઓ તો હાલ જેલમાં પોતાના ઘરથી આવતા ટિફિનનો જમવા માટે ઉપયોગ કરે છે. બધીજ સગવડ જેલમાં જાણે ઘરે બેઠા હોય એવી રીતે મળે છે.

(૭) આવા ગુનેગારોને કાયદાકીય રીતે ફાંસી ના અપાય તો જાહેરમાં સળગાવવા જોઈએ.

(૮) ગુજરાતમાં ગામડાઓમાં આવા કેટલાંય કિસ્સા બને છે પણ અત્યાર સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. તો આ પાટણ કેસમાં શું થશે ?

(૯) શિક્ષણ આપનારા ગુરુઓને શિક્ષણ કઈ રીતે આપવું તેની ખબર નથી, પગાર લેવો છે અને ખરાબ ધંધા કરવા છે.

**પાટણ ઘટનામાં શાસકીય અંધેર!**

(૧) મહેસૂલ મંત્રીના પતિ મફતલાલ પટેલ કહે છે કે એક વર્ષ પહેલાં આવી ફરિયાદ શિક્ષણ વિભાગને કરાઈ હતી (ગુજરાત સમાચાર, ૬ ફેબ્રુઆરી ૨૦૦૮) (૨) કૉલેજની ગૃહમાતાએ ૭ વર્ષ પહેલાં અહેવાલ આપતાં બદલી કરાઈ હતી. (ગુજરાત સમાચાર, ૭ ફેબ્રુઆરી ૨૦૦૮) (૩) સ્માઇલ આપો તો માર્ક્સ મળશે એવું અધ્યાપકો કહેતા હતા. પાટણ 'ડાયેટ'ના સિનિયર લેક્ચરર ડૉ. ભારતી બહેન પટેલે રજે રજની માહિતી આપી. (મહાગુજરાત, ૭ ફેબ્રુઆરી ૨૦૦૮) (૪) પીડિત વિદ્યાર્થિનીએ ડરના કારણે સ્પેશિયલ વોર્ડમાં જવાની ના પાડી; સિવિલ તરફથી ખાવાનું મળ્યું નહિ; દવાઓ બહારથી લાવવી પડી. (ગુજરાત સમાચાર ૭, ફેબ્રુઆરી ૨૦૦૮) (૫) મારે પરણવું નથી : પીડિત વિદ્યાર્થિનીએ કહ્યું, હું ભણીશ અને શિક્ષક બની પગભર થઈ જીવીશ. (ગુજરાત સમાચાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૦૮) (૬) આવી ઘટનાઓ તો ચાલ્યા જ કરે, આ કેસમાં જે થવાનું હશે તે થશે; શિક્ષણમંત્રી રમણ વોરાના અંગત મદદનીશનો તુમાખી ભર્યો જવાબ. (ગુજરાત સમાચાર, ૮ ફેબ્રુઆરી ૨૦૦૮) (૭) શિષ્યા ઉપર બળાત્કારના મૂળમાં ખામી ભરેલી શિક્ષણ પદ્ધતિ. (ગુજરાત સમાચાર, ૮ ફેબ્રુઆરી ૨૦૦૮) (૮) વિશ્વના કોઈ પણ ખૂણે બનતી ઘટનાનો વિરોધ કરે છે પણ પાટણની ઘટનાને ભાજપ મહિલા મોરચાએ વખોડી પણ નહીં. (ગુજરાત સમાચાર, ૯ ફેબ્રુઆરી ૨૦૦૮) (૯) રાષ્ટ્રીય મહિલા આયોગની તપાસ ટૂકડીનો ગંભીર સવાલ : બળાત્કારનો ભોગ બનેલી યુવતીનું મેજેસ્ટ્રેરિયલ બયાન કેમ ન લેવાયું. (ગુજરાત સમાચાર, ૭ માર્ચ, ૨૦૦૮)

## ગુજરાત રબારી સમાજ બંધારણ પરિષદની રચના

# કુરિવાજો અટકાવવા પડશે

નંરણભંઈ તેદંઈ

તા. ૬ માર્ચ ૨૦૦૮ના રોજ મહાશિવરાત્રીના દિવસે સમાજના કુરિવાજોને બંધ કરવા માટે અમદાવાદના આંગણે એક બંધારણ પરિષદની રચના કરાઈ. જેનો હેતુ સમાજમાં થતા ખોટા ખર્ચાઓ બંધ કરવા અને સમાજમાં શિક્ષણ અને સમૃદ્ધિ વધે તથા દરેક વ્યકતિ સ્વમાનભેર જીવી શકે તેવા શક્તિશાળી સમાજની રચનાનો હતો.

સમગ્ર ગુજરાત રબારી સમાજ બંધારણ પરિષદમાં મોટાભાગના અમદાવાદ, ઉત્તર ગુજરાત, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને થોડેક અંશે સાબરકાંઠાના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, કચ્છ અને મધ્યગુજરાતનું પ્રતિનિધિત્વ નહોતું તે ચિંતાજનક કહેવાય, ત્યારે ગુજરાત રબારી સમાજ બંધારણ પરિષદ એવું નામ આપવું ઠીક કહેવાશે ? ગુજરાતના બધા જ જિલ્લાનાં પ્રતિનિધિઓથી બંધારણ બને તેમ નહોતું થવું જોઈતું?

વળી બંધારણ બનાવવા માટેની જે કમિટી રચાઈ. તેમાં બહેનોની સંખ્યા ઓછી હતી. આજે જે કુરિવાજો છે, તે વર્ષો પહેલાં રિવાજો હશે પણ સમય બદલાતા અને મોંઘવારી વધતાં કાળક્રમે રિવાજો કુરિવાજો બની ગયા હશે. જેથી સમયની માંગ સાથે બદલાવની જરૂર છે. 'પરિવર્તન એ સંસારનો નિયમ છે.'

કોઈપણ સમાજની ટૂંકાગાળામાં કાયાપલટ કરવી હોય તો સમાજમાં વધુ બાળકો, બહેનો અને યુવાનો શિક્ષણ લેતા થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. જે કુરિવાજો માટે રૂપિયાનો દૂરઉપયોગ થાય તેનો ઉપયોગ સમાજના શિક્ષણ માટે થાય તેવા પ્રયત્નો ગુજરાતના દરેક જિલ્લામાં પ્રતિનિધિઓ દ્વારા થવા જોઈએ. સમાજમાં શિક્ષણ વધશે તો સમાજનો દરેક યુવાન વિચારતો થશે અને સમાજના ખોટા ખર્ચા બંધ થશે. સમાજ પ્રગતિ કરશે એ જ અભ્યર્થના સાથે...

"અંધશ્રદ્ધા કદાચ આપણને એક એવો દિવસ બતાવશે જ્યારે દેશની ધરતીના રક્ષણ માટે સેના મોકલતી વખતે પણ આપણે ગ્રહો અને કુંડળીઓ અને મુહૂર્તો અને ચોઘડિયાં જોવા બેસીશું. આ વાત કટાક્ષપ્રેરિત લાગે છે પણ ભારતના ઈતિહાસમાં આવું બન્યું છે. સન ૧૭૬૧ના મરાઠા-અફઘાન યુદ્ધમાં પાણિપતના મેદાનમાં યુદ્ધ શરૂ થયું, ત્યારે મરાઠા સૈનિકો એમનો છેલ્લો ખોરાક ખાઈને લડવા ઊતર્યા હતા. લગભગ નવેક માસ સુધી મરાઠા સેનાની સદાશિવરાવ ભાઉ જાતજાતની કુંડળીઓ જોઈ રહ્યા હતા! શરૂમાં મરાઠાઓએ જો આક્રમણ કરી દીધું હોત, તો અફઘાન કતમ થઈ ગયા હોત, પણ ભાઉસાહેબ પ્રખર જ્યોતિષ હતા. વિજય માટે ગ્રહોની યુતિની રાહ જોતાં જોતાં એમણે અમૂલ્ય મહિનાઓ વેડફી નાખ્યા. અહમદશાહ અબદાલી ત્યાં સુધીમાં દોસ્તીઓ કરતો રહ્યો, કુમકો ઠાલવતો ગયો, દારૂગોળો જમા કરતો ગયો. વ્યૂહ રચતો ગયો, પૂરી તૈયારી કરતો રહ્યો. કમજોરને બળવાન બનવાનો સમય મળી ગયો, યુદ્ધ થયું અને ગ્રહો સાચા પડ્યા. વિજય થયો - ગણતરીમાં ફક્ત થોડી જ ભૂલ થઈ ગઈ! ભાઉ હારી ગયા, અબદાલી જીતી ગયો. જ્યોતિષની અંધશ્રદ્ધા મરાઠા-પરાજયનું એક સંગીન કારણ હતું."

પ્રકરણ ૮ : અંધશ્રદ્ધા અને કાયરો **- ચંદ્રકાંત બક્ષી**

(પુસ્તક : 'શિક્ષણ-૧' (ગુજરાતી જ્ઞાનવિજ્ઞાન શ્રેણી), પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૧૯૮૯)

# સમજદારી ભર્યો સંકલ્પ

રમેશ ર. દવે

આઠમી માર્ચના 'ગુજરાત સમાચાર'માં એક અત્યંત આનંદના સમાચાર છપાયા છે : "રબારી સમાજે રીતિરિવાજોમાં ૧૩૪ સુધારા અમલમાં મૂક્યા." - આ મથાળાની નીચે મૂકાયેલી માહિતી આ છે : "ગુજરાતના રબારી સમાજની બંધારણ પરિષદે સમાજના ૧૩૪ રિવાજોમાં સુધારા કર્યા છે. સમાજે આ સુધારાને 'રબારી સમાજગીતા' તરીકે પ્રસિદ્ધ કર્યા છે. રબારી સમાજમાં આ સુધારાનો અમલ મહાશિવરાત્રીથી જ શરૂ થઈ ગયો છે."

આ સમાચારથી જ્યાં બેઠા હશે ત્યાં ભગવાન શંકર તો ડોલી ઊઠ્યા જ હશે, પણ ધરમકરમમાં સ્વયંસ્ફૂર્તિથી રસ ન લેનારા મને પણ અપાર આનંદ થયો છે. રબારી જ્ઞાતિ અને સમાજના સભ્યો માટે લગભગ અભણ, પછાત, માથાભારે - એવાં એવાં વિશેષણો મોટે ભાગે વપરાતાં હોય છે. પણ આ સમાચાર અને એમાં થયેલા બંધારણલખ્યા સંકલ્પથી રબારી સમાજે નાના પાયા પર સમૂળી ક્રાન્તિ કેમ થઈ શકે - એની દિશા ચીંધી છે. મારાં આ ઉત્સાહવચનો કદાચ અતિરેકભર્યાં જણાય તો પણ આનંદ એ વાતનો છે કે અંધારામાં ઓરડે ઉજાસ પાથરવાનાં પગરણ થયા છે.

સૂચિત ૧૩૪ રિવાજ-સુધારા અહીં ટાંકી ન જ શકાય. પણ એમાંના કેટલાક રૂઢ થઈ ગયેલા રીતરિવાજો અન્ય જ્ઞાતિઓમાં - મને અને કમને પૈસાનાં પ્રદર્શનોના મોહરૂપે અને કરજના બોજ તળે કચડાઈ મરવાની વિવશતા રૂપે - પણ હજુ જળવાઈ રહ્યાં છે અને જાનના જમણમાં કે રિસેપ્શનના સ્વરુચિભોજનમાં ૧૦૦ વાનગી પીરસવાની બડાઈ - શેખી કરાઈ રહી છે ત્યારે અહીં નોધું તો નેત્રદીપક નીવડશે.

- સગપણ-સગાઈનો પ્રસંગ હોયલ, હોલ કે બગીચામાં બહોળા માણસો સાથે ન યોજાતાં માત્ર પાંચ માણસોએ જઈને સાદાઈથી આટોપવો અને માટલી પ્રથા બંધ કરવી.
- લગ્ન પ્રસંગે ગોળ-સાકર-પતાસાં ન વહેંચવાં, સાડીઓ માત્ર બહેન-દીકરીઓને જ આપવી, ગુલાલ માત્ર ગણપતિ અને વરરાજાને માથે ચપટીક જ નાખવો, સૌ જાનૈયાને ગુલાલ ગુલાલ ન કરવા. ગણેશ સ્થાપન સમયે ગામ આખાને ઘરે ભડકું ન દેવું, જાન માત્ર લકઝરી-બસમાં જ લઈ જવી, જાનૈયાએ પોતાની મોટરકારમાં પોતાના પૈસે જ પેટ્રોલ-ડીઝલ ભરાવવું, લગ્ન-પ્રસંગના મુર્હુતો બાળકોનાં શિક્ષણ પરીક્ષાને ધ્યાનમાં રાખીને કરવાં, દારૂખાનું ફોડવાનો ગુનો ન જ કરવો. મામેરા વખતે કુટુંબ આખાને પહેરામણી ન કરવી.
- બહેન-દીકરીનાં લગ્ન પછી તેને આણે ફેરવ્યા કરવાને બદલે ટૂંક સમયમાં જ સાસરે મોકલવી, મામેરામાં ૩૧ હજાર અને જીઆણામાં ૨૧ હજારથી વધારે રકમ ન મૂકવી. આણે ફરતી દીકરી ઘર માંડે ત્યારે ભાઈએ કે બીજા સગાં-સંબંધીઓએ વાસણ, કપડાં, દાગીના અને અન્ય કશી ભેટસોગાદ ન આપવી.
- બીમાર માણસ સ્વજનની ખબર કાઢવા દવાખાને જનારા સગા-સંબંધીઓને દર્દીના કુટુંબ તરફથી જમાડવા નહીં, દર્દીને લોહી આપવાનું હોય એવી સ્થિતિ સિવાય દવાખાને ટોળે વળવું નહીં.
- મરણ પ્રસંગે કૂટવાનું બંધ કરવું, પહેલા દિવસનું કડાયું (ભોજન?) ન કરવું અને લૌકિક ક્રિયા કરમ પાંચ જ દિવસમાં પૂરી કરવી.

આ સુધારા સાથે રબારી સમાજે સુખસંતોષની દિશામાં આગે કદમ ભર્યા છે. એમણે ભણતાં બાળકોનાં શિક્ષણ-પરીક્ષાની ચિંતા પણ કરી છે તો એ જ સંદર્ભે નાનું પણ મહત્ત્વનું સૂચન કરું? સમાજ એ અંગે દીકરીને પણ બારમાં ધોરણ સુધી તો ભણાવવી જ ભણાવવી એવો આદેશ આપે તો કેવું રૂડું!

(સૌજન્ય : નિરીક્ષક, ૧ એપ્રિલ ૨૦૦૮, પૃષ્ઠ ક્રમાંક : ૧૨)

---

"૧૮૮૩મા જ્યારે શ્રી કર્વે કૉલેજમાં ભણતા હતા ત્યારે 'કેસરી' નામના છાપામાં વિધવાઓની કરુણ હાલત વર્ણવતી એક કવિતા છપાઈ હતી. જેમાં કવિએ વિધવાઓને નવજીવન આપવાની અપીલ કરી હતી. શ્રી કર્વેને આ કવિતા એટલી ગમતી હતી કે તેમણે એ મોઢે કરીને અનેક પ્રસંગોએ ગાઈ હતી. શ્રી કર્વેના મનમાં વિધવાઓને પુનર્જીવન આપવાની વાત દૃઢ થઈ હતી અને વિધવા-વિવાહને તેઓ પુણ્યકાર્ય માનતા થયા હતા. રાધાબાઈના મૃત્યુ બાદ પોતાને ફરી લગ્ન કરવાની વાત ઉપસ્થિત થઈ ત્યારે તેમણે મનમાં ગાંઠ વાળી કે જો પોતાનું કુટુંબ પોતાને વિધવા-વિવાહ કરવાની સંમતિ આપે તો કોઈ વિધવા જોડે લગ્ન કરી તેને પુનર્જીવન આપવું અને નહિ તો લગ્ન ન કરવું. આ પ્રસંગ વિષે તેમણે પોતાની આત્મકથામાં આ પ્રમાણે લખ્યું છે :

"વૈધવ્ય પ્રાપ્ત થવું એનાથી અધિક દુઃખદાયક પ્રસંગ હિંદુ સ્ત્રીના જીવનમાં એકે નથી. વળી વિધુરે કુમારિકા જોડે લગ્ન કરવું એ તો પશુથી પણ નીચે થવા જેવું ગણાય" પોતાના આવા વિચારો વ્યક્ત કરી તેમણે મા અને ભાઈ પાસેથી વિધવા-વિવાહ માટે સંમતિ મેળવી અને ૧૮૯૩ની ૧૧મી માર્ચે ગોંદૂબાઈ નામની બાળવિધવા જોડે લગ્ન કર્યું."

**- નલિની ગાલા**

('કર્વે યુનિવર્સિટી', લેખિકા : નલિની ગાલા, પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ - ૩૩૬, પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મુંબઈ, ડિસેમ્બર ૧૯૭૨, આવૃત્તિ પહેલી, પૃષ્ઠ : ૧૫, ૧૬)

# બાળમજૂરી કે બાળમજબૂરી?

ચાની કીટલીમાં જ
વરાળ બનીને
ઊડી જાય છે તેમનાં સપનાં;

પગમાં ચંપલનું ઠેકાણું નથી હોતું,
ને તેઓ નીકળી પડે છે
પગરખાંને ચમકાવવાં;

કચરાના ઢગલામાં
કાગળ વીણતાં-વીણતાં,
તેઓ સાવ
ચીંથરેહાલ થઈ ગયાં છે;

હીરાને ઘસતાં ઘસતાં,
તેઓ ખુદ ઘસાઈ જાય છે;

મીઠાના અગરોમાં
ઓગળી રહ્યું છે,
તેઓનું અસ્તિત્વ;

ફટાકડાનાં કારખાનાંમાં જ,
તેમનામાં રહેલા 'જીવંત' દારૂગોળાનું
સૂરસૂરિયું થઈ જાય છે;

આમ તો જીવન જ આખું દુર્ગંધનું પોટલું,
છતાં તેમણે તો રોજેરોજ
અગરબત્તીઓ જ બનાવવાની;

ચોકલેટનાં કારખાનાંમાં કામ કરતાં-કરતાં,
તેમણે જિંદગીની કડવી વખ વાસ્તવિક્તાને
સ્વીકારવી પડે છે;

ફૂલની માળા બનાવતાં-બનાવતાં,
આ નિર્દોષ ફૂલડાં
સમયની સોયમાં પરોવી દે છે
પોતાનાં અમૂલ્ય વર્ષો;

ઇંટોના ભઠ્ઠામાં તેઓ ઇંટો પકવે છે
ને છતાં ઠેકઠેકાણેથી
કાચાં રહી જાય છે;

જિંદગીનો હજુ પાયો પણ નખાયો નથી,
છતાં મકાનોના પાયામાં
ઇંટોના ટુકડાની સાથે સાથે
તેમણે પોતાની જાતને પણ હોમવી પડે છે;

તેઓ ભગવાનની મૂર્તિને હાથ નથી જોડતા,
પણ તેમના હાથ ભગવાનની મૂર્તિને જોડે છે;

તેઓને નિશાળે જવું ગમે છે,
પણ તેમને પાટી-પેન બનાવવાનાં
કારખાનામાં કમને જવું પડે છે;

જોખમો વચ્ચે જ જીવતાં,
આ બાળમજૂરોને રમકડાં રમવાની ઉંમરે
ખુદ 'જિંદગી' સાથે રમત રમવી પડે છે;

વાત તો સાવ સાચી કે
કૂમળો છોડ તો વાળીએ એમ વળે,
અહીં તો એમને વાળવાના નથી
પણ પાછા વાળવાના છે - બાળમજૂરીએથી !

**- અશ્વિન ચૌહાણ**

**શું આપનું લવાજમ પૂરું થઈ ગયું છે? તો મનિઑર્ડરથી અથવા રૂબરૂ ભરી મોકલો 'વલોણું'ના સરનામે.**

**'વલોણું'**
બી-૨, મિલિન્દ પાર્ક,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ લૉયલા હોલ સામે,
મેમનગર માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**બૂક પોસ્ટ**
**પ્રિન્ટેડ મેટર**

**પ્રિન્ટર : શિવમ સ્કેનો ઈફેક્ટસ :** ૯૮૨૪૬ ૮૩૭૦૬